સંતવાણી ગ્રંથાવલિ ૪

# શ્રી શ્રીમા આનંદમયી મા



# શ્રી શ્રીમા આનંદમયી મા

## (Shri Shrima Anandamayee Ma)

સંકલન
શ્રી સ્વામી અધ્યાત્માનંદ સરસ્વતી
(હૃષીકેશ)

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ-૩૮૦૦૧૪

આ ગ્રંથાવલિનાં ૨૮ પુસ્તકોની કિંમત રૂ.૩૦૦ થાય છે. ગ્રંથાવલિનો સંપુટ ખરીદનારને તે રૂ. ૨૦૦ના રાહત દરે આપવામાં આવશે.


**પ્રાપ્તિસ્થાન**

(૧) નવજીવન પ્રકાશન મંદિર
ગૂજરાત વિદ્યાપીઠની પાછળ, પો. નવજીવન, અમદાવાદ-૧૪

(૨) નવજીવન ટ્રસ્ટ (શાખા),
૧૩૦, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૨

(૩) દિવ્ય જીવન સંઘ
શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી, શિવાનંદ માર્ગ, અમદાવાદ-૧૫

(૪) દિવ્ય જીવન સંઘ
શિવાનંદ ભવન, રામજી મંદિરની પોળ, સરકારી પ્રેસ સામે, આનંદપુરા, વડોદરા-૩૯૦ ૦૦૧

(૫) દિવ્ય જીવન સંઘ, શિશુવિહાર, ભાવનગર-૩૬૪ ૦૦૧

(૬) દિવ્ય જીવન સંઘ,
મોહન ઑપ્ટિશિયન, આઝાદ ચોક, વલસાડ-૩૯૬ ૦૦૧

**નવ રૂપિયા**



© ગુજરાત દિવ્ય જીવન સંઘ



ત્રીજી આવૃત્તિ, પ્રત ૩,૦૦૦, જૂન ૧૯૯૯
પુનર્મુદ્રણ, પ્રત ૩,૦૦૦, ઑક્ટોબર ૨૦૦૬
કુલ પ્રત : ૬,૦૦૦

ISBN 81-7229-237-6 (set)

મુદ્રક અને પ્રકાશક
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૩૮૦ ૦૧૪

# પ્રકાશકનું નિવેદન

નવજીવન અને દિવ્ય જીવન સંઘના સંયુક્ત ઉપક્રમે 'સંતવાણી ગ્રંથાવલિ'નો ૨૮ પુસ્તિકાઓનો આ સંપુટ વાચકોના હાથમાં મૂકતાં આનંદ થાય છે.

સર્વધર્મસમભાવના ઉદ્દેશને ધ્યાનમાં રાખી આ 'સંતવાણી ગ્રંથાવલિ' સંપુટ બ્રહ્મલીન શ્રી સ્વામી શિવાનંદજીની શતાબ્દી નિમિત્તે ગુજરાત દિવ્ય જીવન સંઘ દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો. તે તૈયાર કરવામાં અનેક મિત્રોનો સહકાર મળ્યો હતો. છતાં તેની પાછળની એકધારી મહેનત સ્વ. ઉચ્છરંગભાઈ સ્વાદિયાની હતી તે નોંધવું જોઈએ.

આ ગ્રંથાવલિની પહેલી આવૃત્તિ ચપોચપ ઊપડી ગયા પછી ૧૯૮૫માં તેનું પુનર્મુદ્રણ કરવામાં આવ્યું હતું. પરંતુ તેય પહેલી આવૃત્તિની જેમ જ ઝડપથી વેચાઈ જતાં ગ્રંથાવલિ ઘણાં વરસથી ઉપલબ્ધ ન હતી.

ગાંધીજી પ્રસ્થાપિત સંસ્થાની બધા ધર્મોની સાચી સમજણ ફેલાવવાની જવાબદારી છે. વળી ઉચ્ચ શિક્ષણમાં હવે મૂલ્યશિક્ષણ તથા તુલનાત્મક ધર્મોના શિક્ષણનું મહત્ત્વ વધતું જાય છે. કેન્દ્ર સરકારના યોજના પંચે મૂલ્યોના શિક્ષણને પ્રોત્સાહન આપવાનું સમર્થન કર્યું છે. આને અનુલક્ષીને આ પુસ્તક સંપુટ સામાન્ય વાચકો ઉપરાંત ઉચ્ચ શિક્ષણમાં કાર્ય કરતા સહુ કોઈને ઉપયોગી થઈ પડશે.

ગુજરાત દિવ્ય જીવન સંઘે આ ગ્રંથાવલિ આ યોજનામાં પુનર્મુદ્રણ માટે સુલભ કરી તે માટે અમે તેમના આભારી છીએ. 'સંતવાણી ગ્રંથાવલિ'ના આ પુસ્તક સંપુટના પ્રકાશનથી ગાંધીજીના સર્વ-ધર્મસમભાવનો સંદેશો સર્વત્ર વસતાં ગુજરાતી કુટુંબોમાં પ્રસરશે એવી આશા છે.

નવજીવન ટ્રસ્ટના દસ્તાવેજમાં તેના ઉદ્દેશોની પૂર્તિ સારુ જે જે પ્રવૃત્તિઓ કરવાનું સૂચવેલું છે તેમાં હિન્દમાં વસેલી બધી જુદી જુદી કોમો વચ્ચે ઐક્યનો પ્રચાર કરવાનું સૂચવવામાં આવ્યું છે. તે હેતુ માટે નવજીવને ગૂજરાત વિદ્યાપીઠમાં પ્રસ્થાપિત કરેલા અનામત કોશમાંથી આ 'સંતવાણી ગ્રંથાવલિ'નું પુનર્મુદ્રણ જૂન ૧૯૯૯માં પ્રસિદ્ધ કરી રાહત દરે આપવામાં આવ્યું હતું.

'સંતવાણી ગ્રંથાવલિ'ની માંગ ચાલુ રહેતાં નવજીવન તરફથી તેનું આ ત્રીજું પુનર્મુદ્રણ પ્રસિદ્ધ કરવામાં આવી રહ્યું છે. અને તેની કિંમત સામાન્ય વાચકને પરવડે તેવી રાખવામાં આવી છે તે નોંધવા જેવું છે. અમને આશા છે કે સર્વધર્મસમભાવના પ્રચારાર્થે થતા આ પ્રકાશનને વાચકો તરફથી યોગ્ય આવકાર મળવાનું ચાલુ રહેશે.

તા. ૨-૧૦-'૦૬

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | જન્મ અને બાલ્યાવસ્થા | ૧ |
| ૨. | લગ્ન અને માતૃપદ | ૫ |
| ૩. | દૈવી શક્તિનો આવિર્ભાવ | ૯ |
| ૪. | ભક્તજનોની વચ્ચે | ૧૭ |
| ૫. | મહાપ્રયાણ | ૨૪ |
| ૬. | 'માતૃસત્સંગ' | ૩૩ |
| ૭. | માતૃવાણી | ૪૧ |
| ૮. | પ્રસાદ | ૪૭ |

# ૧. જન્મ અને બાલ્યાવસ્થા

બંગાળ પ્રાંતમાં ત્રિપુરા જિલ્લો અને ખેઓડા નામે ગામ, ત્યાં બિપિનચંદ્ર ભટ્ટાચાર્ય અને મોક્ષદાસુંદરી નામનું આદર્શ દામ્પત્યજીવન યાપન કરતું એક મધ્યમ વર્ગનું કુટુંબ, તેમાં બીજું સંતાન તે નિર્મળા.

આ દીકરીનો જન્મ થયો બંગાળી સંવત ૧૩૦૩ના વૈશાખ મહિનાની ૧૯મી તિથિએ, ગુરુવારે રાત્રે ત્રણ વાગ્યે. એનું નામ નિર્મળા, પણ બધાં તેને નિરી કહીને જ બોલાવતાં. તેનાં માતાપિતાને આઠ સંતાનો થયાં, પણ જીવ્યાં માત્ર ચાર, તે સૌમાં નિર્મળા મોટી. બીજાં સંતાનોનાં નામ હતાં - સુરબાલા, હેમલતા અને સૌથી નાનો ભાઈ માખન.

નિરી - નિર્મળાસુંદરીના જન્મ પહેલાં તેની માતાને સ્વપ્નમાં અનેક દેવદેવીઓની મૂર્તિઓ દેખાતી. નિરીના જન્મ પછી પણ આ સ્વપ્નદર્શન થતાં રહ્યાં. આશ્ચર્ય તો એ હતું કે, જન્મ વખતે એ કન્યા રડવાને બદલે હસતી રહી! પાછળથી એમણે પોતે જ કહ્યું હતું કે, ''રડે શું કામ? હું તો તે વખતે ખપરડાની ફાટમાંથી આમ્ર વૃક્ષને જોતી હતી!'' પહેલી દીકરી જીવી નહોતી એટલે સગાંસંબંધીઓના દિલમાં શંકા પેઠી કે આ દીકરી પણ કદાચ ગુમાવી બેસીશું, એટલે જન્મી એવી એને નવડાવીને ઘરઆંગણે તુલસીક્યારે, ભોંય ઉપર લોટાવી (ગબડાવી) આવ્યા. પ્રાર્થના કરી કે, ''આ દીકરીની રક્ષા કરજો, એ લાંબું જીવજો.'' ત્યારે કોને ખબર હતી કે, એ દીકરી અનેક જણની રક્ષા કરે એવી સમર્થ થવાની છે! અનેક જણની 'મા' થવાની છે! અને પછી તો

થોડીક મોટી થઈ એટલે નિરી જાતે જઈને તુલસીક્યારે આળોટી આવતી.

આ નાની છોકરી ભજનકીર્તન સાંભળતાં જ ભાવમાં તલ્લીન થઈ જતી. ઉંમર મોટી થયે પોતે જ ખુલાસો કરીને કહેતી, ''મારી મા જાણતી કે હું ઊંઘી જાઉં છું, પણ ત્યારે હું નાની બાળકી હતી; શી રીતે જવાબ આપતી? પણ કીર્તનની સાથે જ મારું મન કોઈ ઉચ્ચ પ્રદેશોમાં ચાલ્યું જતું; અરે! ત્યાં જે જે પદો ગવાતાં હતાં તે બધાં મને યાદ છે,'' એમ કહી તે બધાં જ કીર્તન ગાઈ સંભળાવતી.

એક વાર ગામના તળાવમાં શિવની મૂર્તિનું વિસર્જન કરવાનું હતું. બધાંની જોડે એને પણ જવાનું થયું, પરંતુ જે દશ્ય બીજાએ જોયું તેથી વિશેષે એણે જોયું હતું. પાછળથી એણે વર્ણન કરેલું: ''શિવને ડુબાવ્યા તો ખરા પણ એ પાછા પાણી ઉપર આવ્યા, નાચ્યા, લોકો પકડવા મથે પણ એ પકડાયા નહીં, હું બેસી નહોતી રહી મા. શિવ નાચતા હતા તે જોતી હતી. એ જંગમ શિવ હતા.''

ભાવની અવસ્થા સમજપૂર્વક કે યત્નપૂર્વક નથી આવતી, એ સહજ થાય છે. એમાં નાનામોટાનો પ્રશ્ન નથી હોતો તેમ જ્ઞાની-અજ્ઞાની જેવો ભેદ પણ નથી હોતો.

यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा वृणुते तनूं स्वाम् ॥

(કઠ. ૧-૨-૨૩)

એ આત્મા જેને પસંદ કરે છે તેને જ એ મળે છે, તેની આગળ આત્મા પોતાનું સ્વરૂપ પ્રકટ કરે છે.

એને ખાવા બેસાડે ત્યારે એ ઘણી વાર આકાશ તરફ જ જોયા

કરતી. અણસમજમાં વડીલો એને ઠપકો આપતા: "ખાવામાં ધ્યાન આપ ને, ઉપર શું જોયા કરે છે?" પરંતુ એનો જવાબ ત્યારે તો કોણ આપે? મોટા થયા પછી એણે પોતે જ વાત કહેલી: "દેવદેવીઓ સુંદર વિમાનોમાં આવીને મારી સામેના આકાશમાં ઊભાં રહેતાં, હું તો એમને જ જોઈ રહેતી."

જગતનું કપટ એને હૈયે વસ્યું ન હતું, તેથી જ તેની માતા અને અન્ય સૌ તેને તું સરળ છે, નિષ્કપટ છે, તેમ કહેવા માટે "તું સીધી છે" તેવું કહેતાં. ક્રમે કરીને નિરીને બદલે સૌ તેને સીધી કહેવા લાગ્યા. તેથી એક દિવસ તળાવેથી નાનો ઘડો ભરીને એ પાણી લાવી. ઘડો કેડે મૂકેલો ને વાંકી વળીને ચાલે. રસ્તે જે મળ્યું તેને તે કહેતી ગઈ: "તમે બધાં મને સીધી કહ્યા કહો છો ને? લો આજે હું વાંકી થઈ ગઈ છું, બસ!" બાળપણથી જ તેની વિનોદવૃત્તિ જીવનના છેલ્લા દિવસો સુધી ટકી રહી હતી. એક દિવસ શિવાનંદ આશ્રમના કોઈ મહાત્મા તેમને દર્શને આવ્યા; ત્યારે તેઓશ્રીએ શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજના ખબરઅંતર પૂછતાં, મહાત્માએ જણાવેલું કે તેઓ અમેરિકા ગયા છે. થોડા દિવસ પછી બીજા મહાત્મા દર્શને આવતાં તેમણે જણાવ્યું કે તેઓ ઇંગ્લેંડ ગયા છે; આમ વારંવાર જુદા જુદા દેશોની સફરના સમાચાર સાંભળી; તેઓશ્રી વિનોદ કરતાં બોલેલાં કે: "શિવાનંદ આશ્રમના સ્વામી કૃષ્ણાનંદજી તો જ્ઞાન-લાઇનમાં છે, સ્વામી માધવાનંદજી તો ભક્તિ-લાઇનમાં છે, પણ સ્વામી ચિદાનંદજી તો એર લાઇન્સમાં છે...!"

નિરીને નિશાળે મૂકી. મામાજીના મકાનમાં બાલિકા વિદ્યાલયના એક શિક્ષક રહે. તેમને ત્યાં દાખલ કરી. એમણે

પહેલે દિવસે અ, આ વગેરે સ્વરો શીખવ્યા. બીજે દિવસે ક, ખ વગેરે મૂળાક્ષરો શીખવ્યા, એમ જે શીખવે તે બધું નાની નિરી શીખી લેતી. એ જોઈ શિક્ષક તો ચકિત્ત થઈ ગયા. પહેલાં માન્યું કે, કોઈએ ઘેર શિખવાડીને નિશાળે મૂકી છે, પણ તપાસ કરી ત્યારે ખાતરી થઈ કે નિશાળે આવી તે પહેલાં એણે ચોપડી હાથમાં લીધી જ નથી. ઘેર બાળકો માંદાં હોય કે એમને સંભાળવાનાં હોય એટલે નિશાળમાં રોજ જવાનું બનતું નહીં. નિશાળ હતી પણ દૂર. એ છતાં સ્મૃતિ એવી સરસ હતી કે ચોપડી ઉઘાડે ને કવિતા વાંચે તે મોઢે થઈ જતી. એ જોઈને ઈન્સ્પેક્ટર એવા રાજી થયા કે એને ઉપલા વર્ગમાં બેસાડી. એને નિશાળે જવાનું ઘણી વાર ના બને અને વર્ગમાં લેસન તો ચાલતું રહે એટલે એ દોડે અને સરખું કરી લે. શિક્ષક કહે વાચનમાં અલ્પવિરામ કે પૂર્ણવિરામ આવે ત્યારે અટકવું જોઈએ, વચમાં ના અટકી શકાય. એટલે એ એકશ્વાસે વાંચે, વચમાં શ્વાસ અટકી જાય તો પહેલેથી ફરી વાંચે. પૂર્ણવિરામ આવે ત્યારે જ અટકે.

અત્યંત બાલ્યાવસ્થામાં, એટલે સુધી કે જન્મસમયે પણ 'મા'નું જ્ઞાન સંપૂર્ણપણે હતું. પાછળથી 'મા'એ એક દિવસે કહ્યું હતું કે, ''મારા જન્મથી તેરમા દિવસે જગદાનંદ કાકાના પિતાજી શું મને જોવા નહોતા આવ્યા?'' 'શ્રીમા'ની જનનીને આ વાતનું સ્મરણ થયું કે ખરેખર તે એક દિવસ આવ્યા હતા.

શ્રી માતાજીનું જીવન અદ્‌ભુતથી પણ અદ્‌ભુત છે. આ મહિમામયી માતાના અલૌકિક જીવનવૃત્તાન્તનાં અન્ય પાસાંઓને આપણે આગળનાં પ્રકરણોમાં વાંચીશું.

# ૨. લગ્ન અને માતૃપદ

એક વાર નાની નિરી ઉપર રમતમાં કોઈ પુરુષે પાણી છાંટ્યું એટલે એણે પણ પાણીનો લોટો ભરીને એના ઉપર ઢોળ્યો બંનેને ખૂબ મોજ થઈ, ખૂબ હસ્યાં, પણ જનનીને ખબર પડી એટલે એણે દુઃખ વ્યક્ત કર્યું. સંતાનને ઠપકો દેતાં માતાએ કહ્યું ''કોઈ પુરુષ ઉપર પાણી છંટાય કે!'' બસ આટલો ઈશારો પૂરતો હતો. એ પછી નિરીના ઠઠ્ઠામશ્કરીના દિવસો પૂરા થયા. માતાએ જે કહ્યું તે એણે યોગ્ય માન્યું. એની ચર્ચા નહીં કે સામો જવાબ નહીં.

आज्ञा गुरूणाम् हि अविचारणीया ।

જેવું નિરીનું રૂપ હતું એવો જ મીઠો એનો કંઠ હતો, તેમ તેવું જ તેનું સ્મિત પણ વિરલ હતું. તે સ્મિત સ્થાયી બન્યું હતું. મુખ ઉપર વાત્સલ્ય અને કરુણાના ભાવ તો હતા જ, પરંતુ એની સાથે સ્મિતની શોભા સૌને આનંદ આપતી. એમ કરતાં બાર વર્ષ વીતી ગયાં.

ઢાકા વિક્રમપુરમાં આઠપાડા ગામ. ત્યાં શ્રોત્રિય જગદ્બંધુ ચક્રવર્તી અને ત્રિપુરાસુંદરી રહે. એમને નવ સંતાનો હતાં. તેમના વચલા દીકરા રમણીમોહન સાથે નિર્મળાસુંદરીનું બંગાળી સંવત ૧૩૧૫ના મહા મહિનાની ૨૫મી તિથિએ લગ્ન થયું. તે સમયે કન્યાની વય બાર વર્ષ અને દસ મહિનાની હતી.

લગ્ન વખતે રમણીમોહન પોલીસ ખાતામાં નોકરી કરતા હતા. ત્રિપુરાસુંદરી તો ગુજરી ગયાં હતાં. મોટાભાઈ રેવતીમોહન રેલવેમાં કામ કરતા હતા અને ઢાકા-જગન્નાથગંજ ભણી શ્રીપુર,

નરુંદી વગેરે સ્થળોએ સ્ટેશનમાસ્તર હતા. એમને ત્યાં નાની વહુને રહેવાનું થયું. પતિએ એને આજ્ઞા કરી કે ઘરનું કામકાજ બધું જ કરવું. એ મુજબ વહુએ ગૃહસંસાર સંભાળી લીધો.

આ નાની કુળવધૂ માટે કોઈએ સાડી આણી. બંગાળમાં કુળવધૂઓ સાડીનો છેડો માથેથી મોં ઉપર ખેંચી ઘૂંઘટ રાખે; એમ એણે પણ કર્યું, ત્યારે એનું રૂપ ઢંકાઈ જવાને બદલે ખીલી ઊઠ્યું. એમના સાસરાના પક્ષના એક સંબંધી ક્ષેત્રબાબુ એનું રૂપ જોઈને એવા તો પ્રભાવિત થઈ ગયા કે એને દેવી કહીને પ્રણામ કરવા લાગ્યા. ક્ષેત્રબાબુની વહુએ નાની વહુને જોયેલી નહીં એથી પત્રમાં પુછાવ્યું કે, ''રમણીબાબુની વહુ કેવી છે, કાળી છે કે રૂપાળી છે!'' એના જવાબમાં ક્ષેત્રબાબુએ હર્ષથી લખ્યું કે ''ફાનસની અંદર જેમ દીવો બળે છે, એવી એ છે.'' હંમેશ ઘૂંઘટ રાખીને બહાર નીકળતી લાવણ્યમયી સ્ત્રી વિશે એ વર્ણન બરોબર જ હતું. ઘરનું સઘળું કામ કરતાં વડીલોની મર્યાદા પણ નિરીવહુ બરોબર પાળતી હતી. જેઠની સેવાશુશ્રૂષા પણ કાળજીથી કરતી. જેઠ એના ઉપર ઘણો સ્નેહ રાખતા.

એવામાં લગ્નને બીજે વર્ષે રમણીબાબુની નોકરી છૂટી ગઈ. ત્રણચાર વર્ષ લગી નવી નોકરી મળી નહીં. એ દિવસોમાં બંને મોટાભાઈને ત્યાં રહ્યાં. તે દિવસોમાં વહુ કદીક સૂનમૂન થઈ જતી. રસોઈ કરતાં કરતાં પણ એનું ભાન જતું રહેતું. કોઈ વાર પીરસતાં પીરસતાં દાળભાત હેઠે પડી જતાં ત્યારે જેઠાણી બે આકરાં વેણ સંભળાવતી. નાની વહુ ક્ષોભ પામતી, શરમાઈ જતી, ફરી કામે લાગતી. એ કોઈનો વાંક કાઢતી નહીં. કોઈ ઉપર માઠું લગાડતી નહીં એટલે વાત ભુલાઈ જતી. પાડોશીઓ

અને સગાંસંબંધી અંદર અંદર વાતો કરતાં કે વહુ ઊંઘણશી છે. કોઈ વહુને મોઢે જ કહી નાખતું, પણ એ સહી લેતી-ન કોઈ ખુલાસો, ન કોઈ વિવાદ.

એક દિવસ પતિએ કહ્યું: ''નોકરી મળતી નથી. એ કંઈ ઘર ખોળતી નહીં આવે, મારે જ એની શોધમાં જવું જોઈએ. તને કોઈ જગ્યાએ રાખવાની તજવીજ હું કરતો જઈશ.'' ત્યારે વહુએ ધૈર્ય રાખવાનું કહ્યું. ત્રણ દિવસ રાહ જુઓ એમ કહીને એમને રોકી રાખ્યા અને બન્યું પણ એવું કે ત્રીજે દિવસે અષ્ટગ્રામમાં ઢાકાના નવાબના સર્વે સેટલમેન્ટ ખાતામાં એમને નોકરી મળી ગઈ. એટલે બંને અષ્ટગ્રામમાં રહેવા ગયાં.

ત્યાં એ લોકો જયશંકર સેનના મકાનમાં રહેતાં હતાં. એમની પત્ની આ સદા હસતા મોં વાળી નાની વહુને જોઈ એવી ખુશ થઈ ગઈ કે લાડમાં એને 'ખુશીર મા' (આનંદની માતા) કહીને બોલાવવા માંડી. એ નામ આડોશપાડોશમાં ઝડપભેર ફેલાઈ ગયું અને નાની વહુ નિરી અચાનક આનંદ મા બની ગઈ.

એ સેન બાબુનો દીકરો શારદાશંકર. એનું બીજું નામ હરકુમાર પણ હતું. એ બહુ ભણેલગણેલ ન હતો, તેથી તેને કોઈ કાયમી નોકરી મળતી નહીં; આ 'ખુશીર મા' તેમના કુટુંબમાં રહેવા આવ્યાં તેથી તેને બેવડો આનંદ થયો. બાળપણમાં જ એની જન્મદાત્રી મા ગુજરી ગયેલી. બસ! હરકુમારને જાણે જનેતા મળી હોય તેવો ભાવ થતો. તે આનંદમાના રસોડામાં જઈ પહોંચતો, ચૂલામાં લીલાં લાકડાં સળગાવતાં, આખા ઘરમાં ધુમાડો થતો, ત્યારે તે સૂકાં લાકડાં લાવી કહેતો, ''લો મા, આનાથી રસોઈ કરો.'' પણ ખુશીર મા કદીયે તેની સાથે બોલતી

નહીં તેમ ઘૂંઘટ પણ ઊંચો કરી તેની સામે જોતી પણ નહીં.

આ મૌન હરકુમારથી સહેવાયું નહીં. એક વાર તો એણે રોષમાં સંભળાવી દીધું: "મા, તું તો સાવ પથ્થર જેવી છો! તને મા કહીને મરી જાઉં પણ તું બોલવાની નથી. આટલી વાર મેં જો પથ્થરને કહ્યું હોત તો એનામાં પણ જીવ આવત. આખરે બાળક આગળ માને શું શરમાવાનું હોય કે? આવી વિનંતી કરે તોપણ ન તો 'મા'એ ઘૂંઘટ હટાવ્યો કે ન તો મોંમાંથી અક્ષર કાઢ્યો: 'મા' ખાવા બેઠી હોય ત્યારે એ હાથ ધરીને ઊભો રહે; "મને થોડો પ્રસાદ આપો," એમ વારંવાર કહે. એ વખતે 'મા' ખાવાનું બંધ કરી દે અને ત્યાંથી ખસી જાય. એટલે એણે વહુની સામે વરને ફરિયાદ કરી વિનંતી કરી કે, "તમે એને રજા આપો." એનો ભાવ પારખી રમણીબાબુએ વહુને કહ્યું: "થોડું આપજે." પતિની આજ્ઞા મળી એટલે માએ પ્રસાદ જેટલું આપવા માંડ્યું. એથી હરકુમાર પ્રસન્ન રહેતો. હવે એને સવારસાંજ માને પ્રણામ કર્યા વગર ચેન ના પડતું; બસ એક જ ધૂન લાગી કે માને કોઈ વાતનું કષ્ટ ન પડવું જોઈએ. માને રોજ પૂછતો, "બજારમાંથી શું શું લાવવાનું છે?" પાડોશીઓને તેનો આ વ્યવહાર સારો ન લાગ્યો. પરંતુ એ શેનો દરકાર કરે? એ કહેતો, "મેં તને 'મા મા' કહીને બોલાવી છે, તું જોજે એક દિવસ સૌ લોક અને આખી દુનિયા તને 'મા' કહીને બોલાવશે."

હરકુમારની આ ભવિષ્યવાણી સત્ય ઠરી છે.

ઘરમાં મા આસન કે મુદ્રા કરવા લાગ્યાં એમાં પતિએ કશો વાંધો ના લીધો. કોઈ કોઈ વાર એમાં ભળતા પણ ખરા. એટલે લોકોએ એમનું નામ ભોળાનાથ રાખ્યું, અને એ નામ પણ

પ્રચલિત બની ગયું.

અષ્ટગ્રામનાં કીર્તનોમાં લોકો માને જોવા આવતા. કેટલાક લોકો કુતૂહલથી પણ આવતા. એમને સમજવું હતું કે આ બધું શું છે! એવામાં મંદિરે જતાં જતાં એક સજ્જને માને સાડી આપી. એ સાડીમાં માનું રૂપ એવું તો પ્રકાશી ઊઠ્યું કે જોનારા ચકિત થઈ ગયા. કોઈ માને દેવી કહેવા લાગ્યું તો કોઈ સાષ્ટાંગ પ્રણામ કરવા લાગ્યું. આ અષ્ટગ્રામમાં એ લોકોએ ચાર વર્ષ ગાળ્યાં હતાં.

એ સમયે ઢાકાના નવાબના ટ્રસ્ટી તરીકે રાયબહાદુર યોગેશચંદ્ર ઘોષ કામ કરતા હતા. એમના નાના જમાઈ શ્રી ભૂદેવચંદ્ર વસુ બાજિતપુરની વાડીના આસિ. સુપરિન્ટેન્ડેન્ટ હતા. એમણે ભોળાનાથને એ વાડીના મુનશી નીમ્યા. એમની પત્ની મા ઉપર ઘણો સ્નેહ રાખતી અને મા એમનાં બાળકો ઉપર હેત કરતાં. એ વખતે મા એકવીસ વર્ષનાં હતાં. ઊર્ધ્વપંથે આરોહણ થવાની પળ સમીપ આવી રહી હતી.

## ૩. દૈવી શક્તિનો આવિર્ભાવ

માના જીવનની વિશિષ્ટતાની હવે પ્રગટ થવાની તૈયારી થઈ રહી હતી. દિવસે ગૃહિણીનાં બધાં કામકાજ બરોબર કરે, રસોઈ કરે, વાસણ માંજે, ઝાડુ કાઢે, પતિની સેવા કરે એમ બધું બરાબર ચાલે. પરંતુ એ બધી બહારની ક્રિયાઓ હતી. રાતે ભોળાનાથ જમીને આરામ કરે ત્યારે સૂવાના ઓરડાના એક ખૂણામાં જઈને મા પોતાનું આસન માંડે, ધ્યાન કરે, બીજી ક્રિયાઓ પણ કરે. એ

વખતે શરીરમાં વિવિધ ક્રિયાઓ આપોઆપ ચાલે, હાથની મુદ્રાઓ થાય, શરીર ખેંચાય, આંખો મીંચાઈ જાય કે વિસ્ફારિત થાય, શ્વાસ ઝડપથી ચાલે કે મંદ પડી જાય. એ સમયે પૂજા પણ કરે અને એમનું શરીર તેજથી લીંપાઈ જાય.

ભોળાનાથ કોઈ વાર સૂતા હોય, કોઈ વાર સૂતાં સૂતાં જોતા હોય, તો વળી કોઈ વાર આશ્ચર્ય પામી બેઠા થઈ જોઈ રહે. મા એકાંતમાં બેઠાં હોય પણ પાસે હોવા છતાં પવિત્રતાના આવરણમાં એ કેટલાંય મહાન લાગે. એમના ધ્યાનના ઓરડાની ચારે તરફ એ પોતે લીંપીગૂંપી ખૂબ સ્વચ્છતા રાખતાં. હાથમાં ધૂપદાની લઈ ચારે દિશામાં ફરતાં. અંદરબહાર બધું વાતારણ જ બદલી નાખતાં.

આ વાત પ્રગટ થઈ ત્યારે ભૂદેવબાબુની જેમ બીજાઓએ પણ માન્યું કે આ વ્યાધિ છે. અને ભૂવાઓ આ ભૂતનો વળગાડ કાઢવા આવ્યા, પરંતુ માની ભાવસ્થિતિ સમયે તેઓ જાતે જ બેભાન થઈ જતા અને કશું જ કરી શકતા નહીં. માની ભાવસમાધિ ઊતરતી પણ ભૂવાઓ ભાનમાં આવતા નહીં. પણ ભોળાનાથની વિનંતીથી, માની અમીદષ્ટિથી ભૂવાઓ ધીરે ધીરે હોશમાં આવતા, અને જતાં જતાં પગે પડતા અને કહેતા કે અમારું ગજુ નથી, બાબા, આ તો સાક્ષાત્ દેવી ભગવતી છે. તો કોઈ વળી કાલી કચ્છના ડૉ. મહેન્દ્ર નન્દીને બોલાવી લાવ્યું, એમણે માને તપાસ્યાં, પ્રશ્નો પૂછ્યા પણ કોઈ રોગ હોય તો ને? અંતે એમણે ભોળાનાથને કાનમાં કહ્યું: ''આ તો ઊંચી અવસ્થા છે, એને બીમારી ના માનશો, જેને-તેને બતાવવા માટે અથડાશો નહીં.'' એ પછી ભોળાનાથે પણ લોકોનું સાંભળી

અહીંતહીંના ઉપચાર કરવાની વાત છોડી દીધી.

નિશિકાન્ત ભટ્ટાચાર્ય માના મામાના દીકરા ભાઈ થાય. તેમણે ભોળાનાથને કહ્યું, ''આ શું ધતિંગ ચલાવી રહ્યા છો? કેમ કંઈ કહેતા નથી? રોકતા કેમ નથી?'' ભોળાનાથ તો કંઈ બોલ્યા નહીં, પણ રસોડામાંથી મા એકાએક બહાર આવ્યાં તેમનો ભાવ બદલાયેલો હતો. માથેથી સાડીનો છેડો સરી પડ્યો હતો. ઘણાં અંગ ખુલ્લાં થઈ ગયાં હતાં, વાળ વીખરાઈ ગયા હતા, નિશિકાન્ત તો આ ભયંકર સ્વરૂપ જોઈને ડઘાઈ જ ગયા. આ જોઈને મા ખડખડાટ હસ્યાં, ત્યારે થોડી વારે સ્વસ્થ થઈને નિશિકાન્તે પૂછ્યું: ''તમે કોણ છો?''

''પૂર્ણ બ્રહ્મ, નારાયણ.'' ઉત્તર મળ્યો. એ સાંભળી સૌ ચોંકી ઊઠ્યા. પતિને પણ આશ્ચર્ય થયું અને એમણે ફરી પૂછ્યું: ''તું કોણ છે?'' જવાબ મળ્યો: ''મહાદેવી, મહાદેવ!'' આ અસાધારણ ઘટના હતી. નિશિબાબુએ વળી પૂછ્યું: ''મંત્રતંત્ર કરો છો પણ તેની દીક્ષા લીધી છે?'' માએ હા ભણી. એટલે વળી પૂછ્યું: ''અને રમણીબાબુએ પણ દીક્ષા લીધી છે શું?''

માએ કહ્યું: ''ના, પાંચ માસમાં, સૌર અગહનકી ૧૫ તારીખ કો બૃહસ્પતિવાર દ્વિતીયા તિથિ કો હોગી!''

''નક્ષત્ર કયું?''

''પૂછો જાનકીબાબુને. અત્યારે એ તળાવ ઉપર મળશે.'' જાનકીબાબુ જ્યોતિષ જાણતા. આ સમયે એ કચેરીમાં હોય પરંતુ તપાસ કરી તો તળાવે જ એ મળ્યા. એમણે આવી પંચાંગ ઊથલાવ્યું તો બધું બરોબર મળ્યું. જાનકીબાબુ ચકિત થઈ ગયા અને ''તમે તે છો કોણ?'' એમ આશ્ચર્યથી બોલી ઊઠ્યા.

''પૂર્ણ બ્રહ્મ, નારાયણ.'' એ જ ઉત્તર એમને પણ મળ્યો. પણ પતિને શું સૂઝ્યું કે એમણે કહ્યું: ''કોઈક પરચો બતાવો તો માનું!'' મા ઊભાં થયાં અને એમના માથેથી પગ સુધી આંગળી ફેરવી. એમની તો આંખો ઊંચે ચડી ગઈ. શરીર બેહોશ બની ગયું. એક કલાક એમ જ વીતી ગયો. એટલામાં નિશાળેથી આશુ ઘેર આવ્યો. જોયું તો કાકા બેહોશ. માની હાલત પણ અજબ. સૌ ચૂપચાપ, ભયભીત. આશુ તો રડી પડ્યો. આશુ તે રેવતી-મોહનનો-જેઠનો-પુત્ર. એ માની પાસે રહેતો હતો.

હવે જાનકીબાબુએ હાથ જોડ્યા, કહ્યું: ''ભોળાનાથને ઠીક કરી દો.'' માએ ફરી આંગળી ફેરવી અને એમને જાગ્રત કર્યા. એ સફાળા ઊઠીને બોલ્યા: ''અરે, હું ક્યાં હતો? કેટલો આનંદ! કેવો અવર્ણનીય અનુભવ!'' એ પછી મા પણ સ્વસ્થ થઈને બેઠાં, જાણે કંઈ બન્યું જ નથી.

દીક્ષાનો દિવસ અને સમય આવતાં, ભોળાનાથને સ્નાન કરી આવવાનું કહ્યું, નવું વસ્ત્ર પહેરીને આસન પર બેસવા કહ્યું. આ તમામ સમય દરમિયાન માના મોંમાંથી મંત્રો નીકળી રહ્યા હતા. ત્યાર બાદ તેમને બીજમંત્ર આપ્યો, અને તેના જપ કરવા કહ્યું. માંસાદિક આહારનો ત્યાગ કરવા કહ્યું અને હૃદયથી શુદ્ધ રહેવા જણાવ્યું. મા પતિના ગુરુપદે બેઠાં. મા એમના પતિનાં પણ મા બની ગયાં.

સં. ૧૯૭૯ના વર્ષમાં માએ મૌન ધારણ કર્યું. આ મૌન ત્રણ વર્ષ સુધી રહ્યું. પરંતુ ભૂમિ ઉપર કોઈ કોઈ વાર એ રેખા દોરતાં, અને મંત્રોચ્ચાર કરતાં. એવે સમયે મા વાત કરી શકતાં, પરંતુ

રેખા ક્યારે થશે તેનો કોઈ નિયમ નહોતો. એ સમયે મા બીજાને ત્યાં જતાં પણ નહોતાં.

ઢાકામાં સિદ્ધેશ્વરી માતાનું મંદિર હતું. એમાં કાલી માતાની મૂર્તિ હતી. એનાં દર્શને મા ઘણી વાર જતાં. ત્યારે એમના ભક્તોની સંખ્યા અધિક નહોતી. એક દિવસ બપોરે તડકામાં જ મંદિરે જવા નીકળ્યાં. સાથે ભોળાનાથ સિવાય બીજું કોઈ નહોતું. મંદિરે પહોંચીને મા એક જગ્યાએ થોભ્યાં, જાણે સ્થાન પસંદ કર્યું. એની પ્રદક્ષિણા કરી. ત્યાં કૂંડાળું દોર્યું અને બેસી ગયાં. મુખમાંથી આપોઆપ મંત્રો નીકળતા ગયા. હાથ માટીમાં ઘૂસવા લાગ્યો. એ જ જગ્યાએ ભોળાનાથે હાથ મૂકી જોયો તો જણાયું કે ત્યાંથી લાલ ગરમ પાણી નીકળે છે.

એ જગ્યાએ વેદી[1] બનાવી. કોઈ વાર મા ત્યાં જઈને બેસતાં, ભજનકીર્તન ચાલતાં. કોઈ વાર ભક્તોને એવો અનુભવ થતો કે ત્યાં માનાં વસ્ત્રો છે, પણ એમનું શરીર નથી, શરીર અદૃશ્ય થઈ જતું! એ સ્થળે ઓરડો બન્યો. એક વેળા મા વેદીમાં બેઠાં હતાં, ત્યારે લોકો પ્રશ્નો પૂછવા લાગ્યા અને માએ જે જવાબ આપ્યા તેથી સૌ આશ્ચર્ય પામ્યા. આમ પ્રશ્નો પુછાતા ને પછી કીર્તન ચાલતું અને મા ભાવાવેશમાં આવી જતાં.

એક સમયે (૧૯૨૯) સ્નાન કરીને મા પૂજા કરવા જમીન ઉપર બેઠાં અને પૂજા કરતાં કરતાં સહસા ભોળાનાથજીને કહ્યું: ''હું બેસું છું, તમે પૂજા કરો!'' પતિ મૂંઝાયા એટલે મા

૧. પાછળથી જ્યારે શ્રી શ્રીમા આનંદમયી સંઘની સ્થાપના કરવામાં આવી ત્યારે 'વેદીમાં પ્રજ્વલિત અગ્નિ'નું પ્રતીક સંઘનું ચિહ્ન નક્કી કરવામાં આવ્યું.

અટ્ટહાસ્ય કરી મૂર્તિ પાસે ગયાં. ક્ષણભરમાં વસ્ત્રોનું બંધન છૂટી ગયું. જીભ બહાર નીકળી. દેહમાં જગજ્જનનીનો આવિર્ભાવ થયો. એ પછી ભોળાનાથથી વિલંબ થઈ શક્યો નહીં. એમણે માની પૂજા કરી. એ પૂજાનાં ફૂલો વડે માની મૂર્તિ ઘણી મનોહર લાગતી હતી.

લોકો આ ઘટનાઓની ચર્ચા કરતા. આ વાતો છાની રહે એવું ક્યાંથી બને? દૂરના પ્રદેશના એમને ન ઓળખનારા માણસો પણ એમનાં દર્શને આવવા લાગ્યા.

આવનારાઓમાં સૌ નાતજાતના લોકો હતા. લોકો માની પૂજા કરતા, અને આનંદ પામતા. ક્યારેક લોકો ચિત્રવિચિત્ર સુગંધ, ભાવ કે વાતાવરણનો પણ અનુભવ કરતા.

મા જગન્નાથપુરીમાં હતાં ત્યારે એક વાર્તાલાપમાં એમણે એ વાતનું રહસ્ય જણાવ્યું હતું: ''તમે સૌ જેમ આ શરીરની પાસે આવો છો તેવી રીતે બીજા અનેક (અશરીરી) લોકો આવે છે. તમારી જેમ એ પણ શરીરે, પગે, માથે હાથ ફેરવે છે. ઘણી વાર તમે ના હો ત્યારે પણ એમના વડે આ ઘર ભરાયેલું રહે છે.''

મા જ્યારે બાલ્યાવસ્થામાં હતાં તે વખતની વાત છે. પિતા હરિનું ગીત ગાતા હશે તે સમયે માએ એમને પૂછ્યું: ''પિતાજી, હરિનું નામ લીધાથી શું થાય?'' પિતાએ એમને સમજાવ્યું: ''તારું નામ છે નિર્મળા. હું, 'નિર્મળા', 'નિર્મળા' કહીને બોલાવું તો તું કેવી મારી પાસે આવે છે! એમ 'હરિ'ને બોલાવીએ તો એ પણ પાસે આવે, આપણાં દુ:ખ દૂર કરે. જેની જેની ઈચ્છા-માગણી-પ્રાર્થના કરીએ તે બધી એ પૂરી કરે.''

''હરિ કેવડા હશે?'' માએ સહજ પૂછ્યું. નાના બાળકની

જેમ જ.

''બહુ મોટા.''

''સામે ખુલ્લું મેદાન છે એમાં સમાય એવડા?''

''ના, ના. એથીય મોટા!'' પિતાએ કહ્યું. અને વિશ્વાસ દીધો કે, ''તું પ્રાર્થના કરીશ તો એ આવશે. એટલે તને સમજાશે.''

એમણે હરિનામ લેવા કહ્યું અને શિખવાડ્યું પણ ખરું. અજાણતાં એમણે માની ગુપ્ત રહેલી શક્તિનો બંધ છોડી નાખ્યો. એ જ ક્ષણથી મામાં પરિવર્તન થવા લાગ્યું. બાલ્યકાળ હતો, મન નિર્દોષ હતું. બીજી કોઈ વાતનું ખેંચાણ નહોતું એટલે હરિરસમાં સ્થિર થતાં શી વાર લાગે! નામ બોલતાં ગયાં અને એમાં તાલ આપોઆપ ગોઠવાતો ગયો. એ પછી શ્વાસોચ્છ્વાસમાં પણ જપ ચાલવા લાગ્યો.

મામાં કોઈ વખત બાળક કૃષ્ણનો આવિર્ભાવ થતો. કોઈ વાર કાલીમાતાનાં દર્શન થતાં અને કોઈ વાર શંકર વિરાજતા. માને અસંખ્ય દેવદેવીઓ દેખાતાં એટલું જ નહીં, પરંતુ એમની ભાષામાં વાતચીત પણ થતી. મા એમને સાથ આપતાં. શિવની સાથે પાર્વતી અને નારાયણ સાથે લક્ષ્મી થઈ જતાં. કોઈ વાર હરિહર અને કોઈ વાર અર્ધનારીશ્વરના ભાવમાં આવી જતાં.

અંગોમાંથી દેવતાઓ પ્રગટ થઈ પૃથક્ થાય તે પહેલાં મા પ્રાણાયામ, ત્રાટક, આસન વગેરે યોગની ક્રિયાઓ કરતાં. આસનો કેટલાય પ્રકારનાં થતાં. પદ્માસન વાળી માથું પાછળ નમાવતાં અને કપાળ જમીનને અડાડતાં. મા શીર્ષાસન પણ કરતાં. એમાંથી વળી એવી સ્થિતિ આવતી કે બે આંગળીઓ ભૂમિ ઉપર રાખી

એમનું શરીર હવામાં અધ્ધર ઝૂલતું અને કોઈ વાર આકાશમાં ચડતું. એ કહેતાં કે, ''યોગની કેટલીક એવી ક્રિયાઓ પણ છે કે યોગ્ય રીતે થાય તો ભાવપરિવર્તન સ્વાભાવિક બને.''

એમને અવકાશમાં યંત્રો અંકિત થયેલાં દેખાતાં. જુદા જુદા રંગના પ્રકાશ જણાતા, વર્તુળો દેખાતાં અને પોતાના શરીર ઉપર યંત્રો વગેરે દોરાયેલાં જોતાં. કોઈ વાર વિભિન્ન જ્યોતિ દેખાતી અને કોઈ વાર અખંડ. એ પોતાને પણ જ્યોતિરૂપે જોઈ શકતાં. સૂર્ય અને ચંદ્ર જુદા જુદા આકારમાં એમની સમીપ આવી એમના દેહમાં સમાતા અને છૂટા પડતા.

એમનાં સંવેદનો તીવ્ર બન્યાં હતાં. ઘરની બહાર કોઈ ગાયને લાકડી મારે તો એની પીડા માને થતી. કોઈ વાર પૃથ્વી ઉપર ઠોકવાના આઘાતથી પણ એમને વેદના થતી. તેની સાથે સાથે હવે એમને વિભૂતિઓ પ્રાપ્ત થવા લાગી. દૂરની ચીજો સમીપ જોવી; દૂરની વાતો સાંભળવી, સૂક્ષ્મ દેહથી દૂર ગમનાગમન કરવું, શરીર હળવું કે ભારે થઈ જવું, એકાગ્ર થઈને કોઈ વસ્તુનું જ્ઞાન મેળવી લેવું, એ અવસ્થાઓ સહજ બની. કેટલીય વાર એ નિશ્ચલ બની બેઠાં હોય કે સૂતાં હોય ત્યારે પણ યોગક્રિયાઓ અંદર ચાલતી હોય એમ બનતું. સમાધિમાં બહારથી તો જડતા દેખાતી, પરંતુ ભીતરમાં વાત જુદી હતી.

માએ એક વાર મૌન શરૂ કર્યું. તે દિવસે એમણે આકાશવાણી સાંભળી. પ્રશ્નો પૂછનાર મા, અને ઉત્તર દેનાર એમની ભીતરની શક્તિ, એથી માને પણ આશ્ચર્ય થયું કે હું પોતે જ પોતાને કહી રહી છું. પછી તો આવરણ હઠી ગયું. મા ધીરગંભીર બની ગયાં. કેટલાકે આશ્ચર્ય માન્યું કે મા અચાનક કેમ બદલાઈ ગયાં?

એ સ્થિતિમાં એમને લાગ્યું કે, એ પોતે સર્વશ્રેષ્ઠ છે, પોતે જ સર્વસંચાલક છે, સર્વ વિભૂતિ મારી જ છે, હું જ સર્વ છું. પરંતુ આ ભાવને માએ તરત સંકેલી લીધો.

મા હવે માખન, આશુ, સેનબાબુ, શારદાબાબુ, હરકુમાર કે અન્ય ભક્તોનાં જ 'મા' રહ્યાં નહોતાં; અષ્ટગ્રામ, વિદ્યાકૂટ, બિહાર કે ઉત્તર પ્રદેશની સીમા વટાવીને એમનો આનંદ ઉદધિ દિક્‌વ્યાપી બની ગયો હતો, અને એ સાગરને હવે નહોતાં રહ્યાં સીમા કે તીર; હવે તો માના દૈવત્વનું પ્રાકટ્ય જગજાહેર થઈ ચૂક્યું હતું... અબ તો બાત ફૈલ પડી, જાણે સબ કોઈ!

## ૪. ભક્તજનોની વચ્ચે

એક વાર સિદ્ધેશ્વરીમાં શ્રી વાસંતીની પૂજા હતી. શ્રી સપ્તમીની સંધ્યાએ આંધી અને વૃષ્ટિ શરૂ થયાં. મા કીર્તનમાં મસ્ત હતાં. પણ વાવાઝોડું જોઈને મા બહાર નીકળી પડ્યાં. તે વખતે લાવણ્ય નામની એક છોકરી માને વળગી પડી. માને પકડતાંની સાથે જ એ છોકરી ભાવાવેશમાં આવી કાદવમાં આળોટવા લાગી. એનાં માબાપ વ્યગ્ર થઈ ગયાં તે જોઈને માએ કંઈક કરી દીધું, જેથી લાવણ્ય ધીરે ધીરે સ્વસ્થ થઈ; પરંતુ ત્રણ દિવસ લગી તેનો આવો વિહ્‌વળ ભાવ કાયમ રહ્યો.

સાધારણ રીતે મા નામમાત્રનો આહર લેતાં. પરંતુ કોઈ વખત એથી ઊલટું કરી બેસતાં. એક સ્ત્રીએ જોયું કે મા તો ખાતાં નથી એટલે આગ્રહ કરીને ખીરનો ભોગ આપ્યો. પછી તો એમને જે જે આપવામાં આવ્યું તે તે ખાતાં જ ગયાં, માગીને ખાધું. જે

જે વસ્તુ માગી તે આવતાં વાર લાગે તો એ રડી ઊઠતાં. એમને માટે ફરીથી રસોઈ કરવી પડી.

મા કોઈને અજીઠો પ્રસાદ આપતાં નહીં, પરંતુ પરંપરા મુજબ પતિની થાળીમાં જમી લેતાં. મા કોઈને ચરણસ્પર્શ કરવા દેતાં નહીં. એક દિવસ મા ભાવાવેશમાં બધાના પગની ચરણરજ લેવા આતુર બન્યાં. કોઈ તૈયાર થયું નહીં ત્યારે નાના બાળકની જેમ એમણે રડવા માંડ્યું. એ સમયે પતિદેવે કહ્યું: ''તું તારા પગની જ ચરણરજ લે.'' એમ કર્યાથી એમનો એ ભાવ શમી ગયો. એક વાર એ પાણીમાં કૂદી પડ્યાં. અને કોઈ પણ રીતે બહાર આવતાં ન હતાં. એવે વખતે આસપાસના લોકો મૂંઝાઈ જતા, હેરાન થઈ જતા. નિસરણી ઉપર ચડવાનું થાય તો અચાનક એવો ભાવ થાય કે શરીર આકાશમાં મળી ગયું છે! ચડતાં ચડતાં જ એ સમાધિસ્થ થઈ જતાં. જગન્નાથપુરીના સમુદ્રમાં નાહતાં નાહતાં પણ એવો ભાવાવેશ થઈ આવ્યો હતો.

મા કહેતાં: ''સાધનામાં જાતજાતની અવસ્થાઓ છે. તે બધી આ શરીરમાં આવે છે.'' પરંતુ જે જે અવસ્થા આવતી તે લાંબું ટકતી નહીં અને ફરી એવી અવસ્થા દેખાતી નહીં. સાધનાની અવસ્થાઓનો ક્રમ પૂરો થયો તે પછી એક સ્વાભાવિક પૂર્ણભાવ વિકસિત થઈ ઊઠ્યો. વિસ્મૃતિ તો હતી જ નહીં.

કોઈની પાસેથી માએ દીક્ષા લીધી હોય એમ જાણ્યું નથી. ગ્રંથો વાંચ્યા હોય કે એ સાંભળ્યા હોય અને એમાંથી જ્ઞાન મેળવ્યું હોય એવું પણ નથી. એમની પાસે જે દૈવી સંપત્તિ છે તે એમની સાથે જ આવેલી છે, કોઈની આપેલી નથી તેમ યત્નપૂર્વક મેળવેલી પણ નથી. એની એમણે નથી ઇચ્છા કરી કે

નથી મથામણ કરી. એ એમને સહજ મળી છે. એમાં રૂપ છે અને રૂપમાં ભળેલું લાવણ્ય પણ છે. એમાં કંઠનું માધુર્ય છે. એમાં નિખાલસ વાણી છે. એમાં અનેક કષ્ટો સ્વેચ્છાથી સહન કરવાની તિતિક્ષા છે અને તાકાત છે. એમાં સૌ કોઈ ઉપર સ્નેહ ઢોળવાની તત્પરતા છે. એમાં અટપટા પ્રશ્નોને રમતાં રમતાં ઉકેલી નાખવાનું જ્ઞાન છે. એમાં ભોળપણ પણ છે અને અગાધ ઊંડાણ પણ છે.

એક વાર મા ભક્તજનોની વિદાય લઈને આશ્રમમાંથી એક વસ્ત્રે બહાર નીકળી પડ્યાં. એ વખતે ભાવાવેશમાં આખું સ્તોત્ર નીકળ્યું. પાછળથી એમણે તે ઉતરાવેલું પણ ખરું. એનો ભાવાર્થ આવો હતો: ''તમે જ્યોતિ સ્વરૂપ છો, પ્રગટ થાઓ. તમારામાંથી સૃષ્ટિનો વિસ્તાર થઈ રહ્યો છે. ભવભયહારી તમે જ છો, પ્રગટ થાઓ. જેમાં હું અવસ્થાન કરું છું તે તમે જ છો. અમારા ભક્તોમાં પણ તમે બિરાજો છો. તમે મને તમારામાં આકર્ષી લો, તમારાં જ બે રૂપ છે: મુમુક્ષુ ને મોક્ષદાતા, હું જ મહાભાવ ને મહામાયા. મારી ભક્તિ તે મોક્ષનો હેતુ છે, જે કાર્યકારણાત્મક રુદ્ર છે, તેમની હું સ્તુતિ કરું છું.''

મા કહેતાં કે એમના દેહમાંથી છૂટી પડેલી જ્યોતિ અવકાશમાં ફેલાઈ જતી એમણે નીરખી છે. ભક્તોને એ સમજાવતાં કે તમારી સાધક અવસ્થામાં પ્રત્યક્ષ કર્મોની પછવાડે ઘણાં પરિવર્તનો પરોક્ષ રીતે થતાં રહે છે. જમીનમાં વાવેલા બીજને અંકુરો ફૂટે તે ક્યાં દેખાય છે? કોઈ વાર પથારીમાંથી ઊઠતાંવેંત મા કહેતાં: ''હું હમણાં જ પણેથી આવું છું. ત્યાં આવું બન્યું.'' પાછળથી ખબર મળતી કે એમણે કહેલું બરોબર હતું. એમ પરોક્ષ રીતે કોઈ વાર

સંદેશો મોકલતાં. આવી રીતે જ એમણે કહેલું કે, ઢાકામાં મંદિરની રચના કરો. એ પોતે તો ઢાકાથી ૩૦૦ માઈલ દૂર હતાં. જેમ અશરીરી આત્માઓ એમની સમીપ આવતા અને એમને મા જોઈ શકતાં, તેમ કયા રોગની કેવી મૂર્તિ હોય છે, તે પણ એ જોઈ શકતાં. એમની અવરજવર જોતાં, પણ રોકતાં નહીં. મા કહે: ''જ્યારે એક હું જ છું, ત્યારે ત્યાગ કોનો અને ગ્રહણ કોનું? એ આવે કે જાય બધું આનંદ જ છે!''

ક્રમશ: એમની સાધનાએ તેમને વૈશ્વિક પરિબળો સાથેનું ઐક્ય બક્ષ્યું હતું. હવે તે અને વૈશ્વાનર બે પૃથક્ નહીં રહેતાં માત્ર એક જ સત્તાનું આધિપત્ય શેષ રહ્યું હતું. ઉપનિષદોમાં ઈશ્વરીય સત્તાનાં વર્ણનો છે. તે ત્યાં છે, અહીં પણ છે; પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ સર્વત્ર છે: અને નથી પણ.

પોતાની મહત્તાને શૂન્યવત્ કરી નાખવાની સ્થિતિ અને છતાંય મહત્ તત્ત્વમાં બિરાજવાની ક્ષમતા; શૂન્ય અને સમષ્ટિનો અદ્ભુત સંગમ; એટલે જ મા!

સૂર્ય ઊગે એટલે અજવાળું થવાનું જ. શ્રીમા ગમે તેટલાં ચુપચાપ એકાંતમાં જઈને રહે તોપણ તેમનાં દર્શન માટે મોટી ભીડ જમા થઈ જ જતી. શ્રીમા પોતે જ કહેતાં: ''મધનું ટીપું પડે એટલે માખીઓ આવે જ ને!''

શ્રીમાની સાધના અને સિદ્ધિસોપાનો ઉપરની દિવ્ય સ્થિતિની સુવાસે દેશ-પરદેશમાંથી અનેક ભક્તોને આકર્ષ્યા. સ્વ. વડા પ્રધાન શ્રી જવાહરલાલ નેહરુ, અને તેમનાં ધર્મપત્ની શ્રીમતી કમલા નેહરુ, શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ તથા રાષ્ટ્રપતિ સ્વ. ડૉ. રાજેન્દ્રપ્રસાદ વગેરે વારંવાર તેમનાં દર્શને આવતાં. શ્રી

જમનાલાલ બજાજને પણ શ્રી ગાંધીજીએ જ મા પાસે મોકલેલા, ને પછી શ્રી બજાજ તો માના પરમ ભક્તોમાંના એક બની, માની સાથે દિવસોના દિવસો પસાર કરતા.

શ્રીમાએ એક વાર ઈ.સ. ૧૯૪૨ના ફેબ્રુઆરીમાં પૂ. ગાંધીજીને સેવાગ્રામમાં જઈને દર્શન આપ્યાં હતાં.

સૌ પહેલાં ઢાકામાં '૨૯માં રમણાશ્રમ શરૂ થયો, ત્યાર પછી અનેક સ્થળે આશ્રમો બંધાયા છે. હિમાલયનાં શિખરોથી માંડીને રામેશ્વરમ્ સુધીનો પ્રદેશ એમની ચરણરજે પાવન થયો. અશિક્ષિત ખેડૂતોથી માંડીને પરદેશના એલચીઓ તેમ જ ઉચ્ચોચ્ચ પદવીધર સુધીના લોકો એમનાં વચનામૃતથી પુનિત બન્યાં. નાનું-મોટું, કાળું-ધોળું, હિન્દુ, મુસલમાન કોઈ એમને મન પરાયું ન હતું. કોઈ સ્થળ પણ એમને મન અજાણ્યું ન હતું. જ્યાં જાય ત્યાં એવી રીતે જ વરતે કે જાણે એ સ્થળથી તેઓ ચિર-પરિચિત ન હોય! એમનો આગવો જ કોઈ સંપ્રદાય પણ નથી. તેઓ સદૈવ કહેતાં: ''હું જાણીબૂઝીને કાંઈ કરતી જ નથી. જ્યારે જે વખતે તમારે અનુકૂળ જે કાંઈ હોય છે તે જ તે વખતે મારાથી આપોઆપ કરાઈ જાય છે.'' અનિષ્ટ રિવાજો ધર્મના નામે પણ મા ચલાવી લેતાં નહીં. એમનાં નિકટતમ શિષ્યા ગુરુ પ્રિયાદેવીના પિતાના નામે દર વર્ષે બલિ આપવાની પ્રથા હતી. તે એમણે બંધ કરાવેલી. તેમ છતાં ધાર્મિક પ્રસંગો સમયે કરવામાં આવતાં વિધિવિધાનો અને કર્મકાંડના નિયમો અને અનુશાસન પાળવામાં અને પળાવવામાં તેઓ લેશમાત્રેય બાંધછોડ કરતાં નહીં.

કોઈ કોઈ વાર તેઓ અજ્ઞાતવાસમાં પણ ચાલ્યાં જતાં. તેઓ,

ભાઈજી અને ભોલાનાથ જે પ્રથમ ગાડી મળે તેમાં ચડી બેસવું, કે ગાડીમાંથી ગમે ત્યારે ઊતરી પડવું તે તેમની અજ્ઞાત વાસમાં જવાની રીત હતી. આવા જ એક અજ્ઞાત વાસમાં તેઓએ દેહરાદૂન પાસે આવેલા રાયપુર ગામના એક પુરાણા શિવમંદિરમાં આવી, નવ-દશ માસ ગાળેલા.

ઈ. સ. ૧૯૩૮માં મા કુમ્ભ મેળામાં ગયેલાં. તે જ અરસામાં કિશનપુર આશ્રમમાં ભોલાનાથજીનો દેહ પડ્યો. શ્રીમાને એમનો લૌકિક સંબંધ તો ક્યારે હતો કે માને દુઃખ થાય? પણ એમનો એક પરમ શિષ્ય ગયો.

'ખુશીરમા', આનંદમા, શ્રીમા આનંદમયી, આનંદી મૈયાના નામથી હવે શ્રીમાનો પ્રકાશ અને પ્રભાવ જગજાહેર થઈ ગયો હતો. સદૈવ સંતોના સંગમાં તેઓ રહેતાં. સંત માત્રને પિતાજી કહીને સંબોધન કરતાં. ગંભીરમાં ગંભીર કે ગહનમાં ગહન વાતને રહસ્યમય રીતે પળમાત્રમાં ખૂબ જ સરળતાથી સમજાવી દેતાં.

મા સદૈવ કહેતાં, ''આ તો ઢોલ છે, જેવું બજાવશો એવો તાલ નીકળશે.'' એમણે તો દરેકના જીવન માટે આમ કહ્યું છે, પરંતુ એમની પોતાની વાત પણ એવી જ છે.

ઋગ્વેદમાં ઈશ્વરનું વર્ણન કરતાં ઋષિ કહે છે કે, એ વિરાટ છે, એને હજાર આંખો છે ને હજાર હાથ છે. મા પણ કંઈક એવું જ કહે છે. એમને મળવા આવે છે તે બધાં એમનાં શરીરો છે, એ હાથ તે એમના હાથ છે, એમનાં મોંમાં બીજા કોળિયા ભરાવે ત્યારે તે ખાય; ત્યારે પણ તે એમ જ કહે કે મારા જ હાથ વડે હું આરોગું છું. આવું તાદાત્મ્ય માને સહજ છે. એ સૌમ્ય વાણીથી કે જ્ઞાનથી નથી પરંતુ, આત્માથી છે. તેથી બીજાના ભાવ એ

તરત સમજી લે છે અને એમની વાણી લોકોને સરળ રીતે સ્પર્શે છે. જ્યાં જ્યાં મનુષ્યો એમના પ્રતિ હેતભાવ વધારે છે ત્યાં મા દર્શન દે છે ને એમનાં વિઘ્નો ટાળે છે. એમાં અંતરનો બાધ નડતો નથી.

ત્યારે માની શક્તિ શું કરી રહી છે? એ સૌ કોઈને કેમ સરખી નથી જણાતી? એના ચમકારા જણાયા છે તોપણ એનું દર્શન કોઈ કોઈને જ કેમ સુલભ બન્યું છે? એમની આસપાસ જેમ સતત આનંદની હવા લહેરાય છે અને પવિત્રતાનું તેજ પથરાય છે તેમ શક્તિનો વ્યય કેમ વ્યક્ત નથી થતો?

આવી શંકાઓ તે આપણી મર્યાદા છે. આપણે આપણી આંખે એ વ્યય જોવા માગીએ તે નહીં બને. એ તેજ ને એ આનંદનો પ્રસાદ ક્વચિત્ મળી જાય - અંતર સુધી પહોંચી જાય તો એને સદ્‌ભાગ્ય સમજવું. માનો ગુણ માની તે બદલ કૃતજ્ઞ થવું. આ દેશમાં હજી પણ આવી વિભૂતિઓ આવતી જ રહે છે તેનું ગૌરવ કરવું. મીરાંએ એના કૃષ્ણ માટે કહ્યું: ''મેં તો લીનો તરાજુ તોલ.'' પરંતુ જે ત્રાજવાં મીરાં પાસે હતાં એવાં આપણી પાસે નથી. એ પછી પણ તુલનાઓ કરવાની ટેવ રાખવી તે શા કામની? નરસિંહ મહેતા કહે છે: ''માધવને વેચવાને ચાલી રે ગોવાલણ!'' જે માલિકી ધરાવી શકે તે વેચી પણ શકે. તેમનું એટલું તાદાત્મ્ય હતું, આપણું છે?

મા તે મા છે: આટલો ભાવ રાખીને એમની સમીપે જવું ને એમનાં ચરિત્રનું ચિંતન કરવું તેમાં જ આપણા સૌનાં જીવનની સાર્થકતા! તેથી જ તો શ્રીમાના પૂજ્ય શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજે શ્રીમાના જન્મદિવસે શ્રી રામતીર્થ આશ્રમ, રાજપુર

ખાતે કહેલું કે, ''જેમને શ્રીમાની કૃપા વરી છે, તેમનો તો બેડો પાર છે જ! અને તેની પૂર્તિ કરતાં કહેલું કે શ્રીમા તો કરુણામયી મા છે, તેનાં સઘળાં સંતાનો પ્રતિ એક જ સરખી અમીદૃષ્ટિ અને અમીવૃષ્ટિ કરી રહી છે! તેને ઝીલવાની પાત્રતા જ આપણે તો કેળવવાની છે.'' इदं ते न आतपस्काय, न अभकूताय कदाचन। માને જોવાં અને એમનાં દર્શન કરવાં એ બંનેમાં ફેર છે. પ્રીતિ હશે તો ભક્તિ થશે. મા તો ભક્તજનોનાં મા છે, અને જેમણે એક વાર મા માન્યાં છે તે એવું જ માનતા આવ્યા છે, એમને સંભારીને પવિત્રતાના ભાવો દિલમાં ભર્યા છે, આનંદ માણ્યો છે, એથી ગદ્ગદ ભાવે નામ લીધું છે: 'આનંદમયી મા!'

## ૫. મહાપ્રયાણ

સૂરજ ઊગે એટલે પૃથ્વીને અજવાળે; મધ્યાહ્ને પ્રખર પ્રચંડ તાપથી પ્રજાળે પરંતુ સંધ્યાના સલૂણા રંગોની વચ્ચે સૂરજદાદા ક્ષિતિજના ઓવારાઓમાં ડૂબકી દાવ રમે ત્યારે અંધારું ઘપ! પણ સંતોના જીવનનું એવું નથી. એમનો તો જ્ઞાનસૂર્યનો પ્રચંડ પ્રકાશ જીવનસંધ્યાએ વધુ ઉગ્ર અને પ્રભાવશાળી હોય છે.

શ્રી શ્રીમાનું નામ જેમ જેમ સંતો, ભક્તોને હૈયે વસતું ગયું તેમ તેમ દેશ, પરદેશની દશે દિશાઓમાંથી ટોળાંબંધ લોકો શ્રીમાને દર્શને આવવા લાગ્યાં. અને મા! એટલે મા! તેનો તો બધાં જ બાળકો પ્રત્યે એક સરખો ભાવ! છતાં જે બાળક માતા સુધી ન પહોંચી શકે, ત્યાં મા સ્વયં પહોંચી જાય. તેમ શ્રીમાની યાત્રાઓ, પૂર્વમાં બંગાળમાં કલકત્તા, દિનાજપુર, આસામથી

આરંભીને પશ્ચિમમાં, ગુજરાતમાં ગોંડળ, ભાવનગર, પોરબંદર સુધી અને તેવું જ ઉપર શ્રીનગર આલમોડાથી નીચે છેક મદ્રાસ, બેંગ્લોર, મૈસૂર સુધી, સતત ચાલ્યા જ કરતી.

એક વાર શિવાનંદ આશ્રમના એક સંત પોતાના નિર્દિષ્ટ કાર્યક્રમ અનુસાર સતત ભ્રમણરત હતા ત્યારે પૂરા અગિયાર મહિના સુધી તેમની અને શ્રી શ્રીમાની યાત્રા સમાંતર દિશા અને ગતિમાં જ ચાલી; ત્યારે શ્રીમાના અંગત સેવક સ્વામી ભાસ્કરાનંદજી મહારાજે તે સ્વામીજીને પૂછ્યું: ''શ્રીમાના કાર્યક્રમો પ્રમાણે તમે તમારો કાર્યક્રમ ઘડો છો કે તમારા કાર્યક્રમ મુજબ શ્રીમા પોતાના કાર્યક્રમો નક્કી કરે છે?'' તે સંતે, સ્વામી ભાસ્કરાનંદજીને કહ્યું કે, ''આપણે શ્રીમાને જ પૂછીએ.''

અને મા પણ બાળસહજ સુલભતાથી બોલી ઊઠ્યાં, ''બાબા! દોનોં કા પ્રોગ્રામ એક હી બનાતા હૈ!'' સતત ઈશ્વરીય અનુસંધાન અને સાતત્યની પરાકાષ્ઠા અને સાધનાની ઉચ્ચ કક્ષાની સ્થિતિનું આ જ્વલંત ઉદાહરણ છે.

કામ નાનું હોય કે મોટું! અધ્યાત્મનું હોય કે જગત વ્યવહારનું; પરંતુ આ બધાં વચ્ચે સ્થિતિ એક જ! શ્રીમા એટલા માટે જ કહેતાં કે: ''યાત્રાએ જશો ત્યારે ગાડી રોકાશે, ચાલશે, તડકોછાંયો લાગશે, પણ ક્યાં સુધી? જ્યાં સુધી નિર્દિષ્ટ સ્થાને પહોંચ્યા નથી ત્યાં સુધી! માટે ચાલતા જાઓ! ચાલ્યા કરો તો અવશ્ય પહોંચી જશો; અને એક વાર પહોંચી ગયા પછી આવાગમન નહીં!''

એમને મન એક જ સત્ય હતું, ''અનંત બ્રહ્મ!'' તેથી જ તો ભાવવિભોર થઈને તેઓ છેક છેલ્લા દિવસો સુધી આ જ કીર્તન

કરતાં:

સત્યં જ્ઞાનં અનંતં બ્રહ્મ ।
એકમેવ અદ્વિતીય બ્રહ્મ ॥
સત્યં બ્રહ્મ, અનંત બ્રહ્મ ।
આનંદ બ્રહ્મ, પૂર્ણ બ્રહ્મ ॥

અને પરમતત્ત્વના સાક્ષાત્કાર પછી જગતના મિથ્યાત્વમાં તેમણ સમ્પૂર્ણતઃ નિરસતા દાખવેલી. છતાં જનસાધારણમાં નારાયણદર્શન કરતાં, સ્ત્રીકેળવણી, અને સેવા-શુશ્રૂષા અર્થે દવાખાનાં, હૉસ્પિટલોના નિર્માણ સંબંધી તેમણે જાગરૂકતા સેવી જ હતી. તેમ છતાં આવી સેવાપરાયણતા દાખવતા સેવકો પણ પોતાની સાધનામાં ઢીલ ન કરે, તે બાબતે પણ તેમણે કદીયે આંખ આડા કાન નહોતા કર્યા.

તેમના જન્મદિવસના દશ દિવસ પૂર્વે તેમના ભક્તો શ્રીમદ્ ભાગવત સપ્તાહ, શ્રી રામચરિતમાનસના પાઠ, પારાયણ આદિ કરતા, તો શ્રીમા પણ શ્રીવિષ્ણુસહસ્રનામના ૧૦૦૮ પાઠ કે શ્રી હનુમાન-ચાળીસાના ૨૪ કલાક સુધી અખંડ પાઠ કરવાનો આદેશ આપતાં. વારંવાર અતિરુદ્ર યજ્ઞ, અને એકાદશ રુદ્ર યજ્ઞ તથા તેની સાથોસાથ જ મહાત્માઓના ભંડારા, દક્ષિણા અને દરિદ્રનારાયણ સેવાનાં આયોજન પણ કરતાં.

કોઈ પણ મહાત્માનું આગમન થાય ત્યારે સન્માનપૂર્વક તેમને આસન, પુષ્પમાળા, ફળ વગેરેથી તેમનું સન્માન કરવાની તેમની પ્રથા, એક પરમાત્માની દયાળુતા કે ઉદારતા અથવા એક 'મા' શબ્દની સાર્થકતા જ દર્શાવતી તેમ કહીએ તો લેશમાત્ર અસ્થાને નહીં ગણાય.

પ્રતિવર્ષ તેમના દ્વારા આયોજિત સંયમ સપ્તાહો દ્વારા સાધકોના જીવનમાં સાદગી, ભોજનવ્યવહારમાં સંયમ, આચાર-વિચારમાં સંયમ, તપસ્યાનો ભાવ રહે અને તે દરમિયાન સંતોનાં પ્રવચનોનો એક મહાન જ્ઞાનયજ્ઞ, ભારતભરના વિધવિધ પ્રદેશોમાં આયોજન કરતાં.

૬૨ વર્ષે તેમનો જન્મદિવસ અલગ અલગ જગ્યાએ તેમના ભક્તો કે સંતો પોતાને ત્યાં બોલાવીને ઊજવતા. ઈ. સ. ૧૯૮૨નો તેમનો ૮૭મો જન્મદિવસ મે મહિનાની બીજી તારીખથી ૧૧ તારીખ સુધી કનખલ આશ્રમમાં ઊજવાયેલો. તે પૂર્વે ફેબ્રુઆરીમાં અનેક ભક્તોના અતિશય આગ્રહને વશ થઈ તેમણે છેક ગુજરાતમાંથી આસામ સુધીની થાકજનક યાત્રા ખેડેલી. આ પ્રવાસમાંથી માર્ચના મધ્યમાં તેઓ કનખલ આવ્યાં ત્યારે તદ્દન નંખાઈ ગયાં હતાં.

શ્રી શ્રીમાનું આરોગ્ય મુદ્દલ સારું નથી, એવું તો છેલ્લાં ત્રણચાર વર્ષથી સંભળાતું, પરંતુ જ્યારે જ્યારે સંતો તેમનાં દર્શને જતા ત્યારે મા ઊઠીને બેસતાં અને અત્યંત આદરપૂર્વક સંતોનું દર્શન કરતાં તથા તેમનાં અમૃતમય વચનો સાંભળતાં. પરંતુ '૮૨ના વર્ષે તો કુંભ સમયે પ્રયાગરાજમાં હતાં, પાલખીમાં બેસીને સંગમ સુધી ગયેલાં, પરંતુ માત્ર સંગમ તીર્થનાં દર્શન કરીને જ શ્રી શ્રીમા પાછાં ફરેલાં. પરંતુ તેથીયે વિશેષ આસામથી કનખલ આશ્રમ પાછાં ફર્યા પછી તો જાણે સઘળી મર્યાદા છૂટી ગઈ. તેઓ જાણે લાચાર બની ગયાં હોય તેવો અનુભવ કરતાં. શરીર કામ આપતું ન હતું. છતાં સવાર-સાંજ અગણિત ભક્તો તેમના નિવાસસ્થાનની જાળીમાંથી તેમનાં

બેઠેલાં કે સૂતેલી સ્થિતિમાં દર્શન કરતાં.

હવે આ શરીર રહેવાનું નથી, તેમ આદેશ આપતાં હોય તેમ તેમનો '૮૨ના વર્ષનો જન્મોત્સવ પ્રતિવર્ષની જેમ ખૂબ જ ધામધૂમથી ઊજવાયો, ત્યારે મહાત્માઓનાં પ્રવચનો, ભાગવત કથા વગેરે થયાં પરંતુ શ્રી શ્રીમા પ્રવચન સભાખંડમાં એક પણ દિવસ પધારી ન શક્યાં. સર્વે ભક્તોને મન આશા હતી કે તેમના જન્મદિવસ નિમિત્તે રાત્રે ત્રણ વાગ્યે જે પૂજા માતાજી ગ્રહણ કરે છે તે માટે તો તેઓ શ્રી શંકરાચાર્ય મંદિર અને સભામંડળમાં પધારશે જ પરંતુ ભક્તોની આ આશા ફળી નહીં. કાતિલ ઠંડી અને વરસતા વરસાદ વચ્ચે અનેક રાજ્યોના ગવર્નરો, અનેક જૂનાં રજવાડાંનાં રાજા-રાણીઓ, દેશ-વિદેશથી આવેલા અનેકાનેક રાજદૂતો અને વેપારીઓ પણ અંતે તો સૌ એક જ માતાના ભક્તો હતા ને! સૌ ભક્તો એક જ ખુલ્લા આકાશ નીચે, પલળતા ઊભા રહ્યા. શ્રીમાના પૂજાકક્ષમાં શ્રીમન્ સ્વામી ચિદાનંદજી મહારાજ, શિવાનંદ આશ્રમના અન્ય ત્રણ મહાત્માઓ અને શ્રી દક્ષેશ્વરમંદિરના મહંત તથા નિર્વાણી અખાડાના મહંતશ્રીને જ માત્ર પ્રવેશ આપવામાં આવ્યો.

ભક્તોની ભક્તિની આ આકરી પરીક્ષા હતી. માની અનુપસ્થિતિમાં ઈશ્વરચિંતન નહીં છોડવા માટે શ્રીમા દ્વારા અપાતી તાલીમનું આ મંગળાચરણ હતું.

મે મહિનો ઊતરતાં શૃંગેરીમઠના શ્રી શંકરાચાર્યજી મહારાજ, ઉત્તરકાશીના માર્ગે શ્રી શ્રીમાના આશ્રમમાં પધારેલ. તેમના સન્માનમાં એક વિશેષ ઉત્સવનું આયોજન શ્રીમાના આશ્રમમાં થયું હતું, અને શ્રી શ્રીમા તે સમગ્ર ઉત્સવમાં ઉપસ્થિત રહ્યાં

હતાં. આ આયોજન મુખ્ય સભાખંડમાં જ થયું હતું. ભક્તોએ શ્રી શંકરાચાર્યજીને વિનંતી કરી હતી કે 'મા' તબીબી સારવાર લેતાં નથી; ઔષધ ગ્રહણ કરવાની પણ ના પાડે છે, સ્વાસ્થ્ય પણ કથળતું જાય છે, તો સૌ વતી આપશ્રી પૂજ્ય માતાજીને વિનંતી કરો; પ્રાર્થના કરો.

અને શ્રી શંકરાચાર્યજીએ માને આ સંબંધી પ્રાર્થના કરી પણ ખરી...

જવાબ મળ્યો! ''અબ ઈસ શરીરકા લેનદેન છૂટ ગયા હૈ... બસ અબ તો અવ્યક્ત કે સાથ ખીંચાતાની ચલ રહી હૈ...!'' આટલો આદેશ ભક્તોને માતાજીના લીલા સંવર કરવા માટે પૂરતો હતો. સૌ સાબદાં થઈ ગયાં અને માતાજીની અનુમતિથી તેમને કિશનપુર(દહેરાદૂન)ના આશ્રમમાં વધુ એકાંત માટે લઈ ગયાં. ત્યાં શ્રીમાનું દર્શન અઠવાડિયે એક વાર માત્ર રવિવારે જ સાધારણ જનસમાજને કરાવવામાં આવતું. વડા પ્રધાન ઇન્દિરાજી વારંવાર શ્રીમા પાસે આવતાં; આ દિવસો દરમિયાન રાષ્ટ્રપ્રમુખ શ્રી ઝૈલસિંગ પણ માનાં દર્શને આવી ગયા. પરંતુ માતા જાણે સર્વ બંધનોથી સ્વયં મુક્ત હતી. તેમ પોતાનાં બાળકોને પણ માયા છોડાવતાં જતાં હતાં. શ્રીમાનાં માતુશ્રીએ પણ પાછલી અવસ્થામાં સંન્યાસ લીધો હતો, અને શ્રી સ્વામી મુક્તાનંદગીરીજી નામથી પ્રસિદ્ધ થયેલાં. ભોળાનાથજી તો સંન્યાસી જીવન જ જીવ્યા હતા. માતાજીએ પોતે તો સદૈવ શ્વેત વસ્ત્રો ધારણ કર્યાં; પણ ગંગાજળ સમાણું તેમનું જીવન પવિત્ર રહ્યું. તેમ તેમની માયા જેમનાથી સૌથી વધુ હતી તે ગુરુ પ્રિયાદીદીએ પણ આ દિવસો દરમિયાન જ સમાધિ લઈને દેહ

છોડ્યો. અને હવે તેઓ જ્યારે મહાપ્રયાણ અર્થે તૈયારી કરી રહ્યાં હતાં ત્યારે ધર્મ, અર્થ, કામ, મોક્ષ, ક્ષમા તેમના ચાર સંગી સાથી રહ્યા. મહાત્માઓ કે જેઓ અનેક વર્ષોથી શ્રી શ્રીમાની નિશ્રામાં સાધન નિરત હતા તેઓ, શ્રી સ્વામી ભાસ્કરાનંદજી મહારાજ, સ્વામી નિર્વાણાનંદજી મહારાજ વગેરેને શ્રીમાએ કૈલાસયાત્રાએ મોકલી આપ્યા.

જેમ જેમ ભક્તોને માની ગંભીર રુગ્ણતાના સમાચાર પ્રાપ્ત થતા ગયા તેમ તેમ દૂર દૂરથી લોકો તેમનાં દર્શને આવતા ગયા. શ્રી શ્રીમાએ અનેક વર્ષોથી અન્ન ગ્રહણ કરવાનું તો ત્યાગેલું જ હતું; અને અંતિમ દિવસોમાં દૂધ અને ફળના રસનો પણ ત્યાગ કર્યો હતો, પરંતુ છેલ્લા થોડા દિવસો તો ગંગાજળનો પણ ત્યાગ કર્યો હતો. છતાં ૨૩મી ઑગસ્ટ ૧૯૮૨ને રવિવારે, દર અડવાડિયે જેમ સાધારણ જનસમાજને માનું દર્શન કરાવવામાં આવતું તેમ કરાવવામાં આવેલું. એ અઠવાડિયામાં શ્રીમાએ ચારપાંચ વિશેષ મુલાકાતીઓને દર્શન આપ્યાં હતાં, અને તેમની સાથે સત્સંગ પણ કર્યો હતો.

ઑગસ્ટની ૨૭મી તારીખે, ગુરુવારે ૠષિપંચમી હતી; અને ૨૯મીએ રાધા અષ્ટમી. આ સુંદર સુયોગ જાણીને શિવાનંદ આશ્રમના મહાસચિવ શ્રીમન્ સ્વામી કૃષ્ણાનંદજી મહારાજ અને તેમની સાથે આશ્રમના વિશિષ્ટ પૂજાઓના તાંત્રિક પૂજક શ્રી સ્વામી ષણ્મુખાનંદજી મહારાજ ૨૭મી ઑગસ્ટની સાંજે કિશનપુર આશ્રમમાં શ્રીમાનાં દર્શને પધાર્યા. શ્રીમાનાં દર્શને આવતી વખતે માતાજીને જન્મદિવસ સમયે અથવા તો દુર્ગાપૂજન સમયે જેવી પૂજા અર્પણ કરવામાં આવે છે તેવી

સામગ્રી પણ તેઓ સાથે લાવેલા.

શ્રી સ્વામી કૃષ્ણાનંદજી મહારાજે એ પુણ્ય સંધિકાળે, સંધ્યા સમયે શ્રી શ્રીમાને જગદંબાને અર્પણ કરવામાં આવે તેવી બનારસી રેશમની સાડી ઓઢાડી, સુંદર ગુલાબ પુષ્પોની માળા પહેરાવી. કપાળમાં કુમકુમ તિલકની અર્ચના કરી. ફળફૂલ, મિષ્ટાન્નનું નૈવેદ્ય અર્પણ કરીને, નવદીપક જ્યોતિ શિખાની આરતી શંખ, ઘંટારવ નાદ સાથે ઉતારી. ત્યાર બાદ શ્રી માતાજીની પ્રદક્ષિણા ફરીને પૂજ્ય સ્વામીજીએ ખૂબ જ દીન ભાવે માતાજીને પૂછ્યું: ''માતાજી! કહિયે. આપકી ક્યા સેવા કર સકતે હૈં?''

શ્રીમાએ કહ્યું, ''અભી જો દિલ બોલે'' અને સ્વામીજી પાંચ મિનિટ સુધી મૌન ધારણ કરીને અંતર્મુખ થયા. પછી ધીરેથી આંખો ખોલીને બોલ્યા: ''માતાજી! અભી દિલ યહી કહેતા હૈ કિ જગત કી શાંતિ ઔર કલ્યાણ કે લિયે પરમાત્મા કે દિવ્ય સ્વરૂપ કા ધ્યાન, ઔર પ્રાર્થના કરના ચાહિયે!''

ફરીથી માતાજીએ કહ્યું: ''ઠીક હૈ! વહી કરો!'' તરત જ સ્વામીજીએ પોતાના મનમાં સ્ફુરેલો સુંદર ભાવ રજૂ કર્યો: ''માતાજી? આપકે શુભનામ કે સંકલ્પ સે કલ પ્રાતઃ કાલ સે શિવાનંદ આશ્રમ મેં શ્રીમદ્ ભાગવત સપ્તાહ કરેંગે! પૂર્ણાહુતિ પર દરિદ્રનારાયણ સેવા, સાધુ ભોજન કરેંગે!''

અને ફરીથી માતાજીના શ્રીમુખેથી અમૃત વર્ષા સમાન બે મૌક્તિક નિઃસૃત થયાં:

'' 'નારાયણ હરિ' ૐ 'નમઃ શિવાય' ''

ઑગસ્ટની ૨૮મી તારીખે શુક્રવારે શિવાનંદ આશ્રમમાં રાત્રે

ભિક્ષા અને પ્રાર્થના બાદ આકાશવાણી પ્રસારણમાં તેઓએ સંવાદદાતાના સમાચારમાં સાંભળ્યું કે, ''અનેક ભક્તોની અદ્ભુત માતા, કે જેણે સમગ્ર જીવન એક આશ્ચર્ય અને રહસ્યમય જીવન જીવ્યું છે, તે શ્રી આનંદમયીમાનું કિશનપુર આશ્રમ (દહેરાદૂન) ખાતે રાત્રે આઠ ને દશ મિનિટે નિધન થયું છે. તેમના પાર્થિવ શરીરને બીજા દિવસ સવાર સુધી સાધારણ જનસમાજનાં દર્શન માટે ખુલ્લું રાખવામાં આવશે; ત્યારે તેમના કનખલ આશ્રમે લઈ જવામાં આવશે, અને રવિવારે ૩૦મી ઓગસ્ટે બપોરે કનખલ આશ્રમમાં તેમને સ્થળ-સમાધિ આપવામાં આવશે; ભારતનાં વડા પ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધી પણ અંત્યેષ્ટિ ક્રિયામાં હાજર રહેશે.

જંગલમાં લાગેલી તોફાની આગની જેમ જોતજોતામાં આ સમાચાર સમગ્ર વિશ્વમાં પ્રસરી ગયા. આકાશવાણી અને રાષ્ટ્રીય પ્રસારણના દૂરદર્શન કાર્યક્રમોમાં પણ તેનું પુનઃ પ્રસારણ થતાં દેશભરમાંથી હજારો માણસો શ્રીમાના પાર્થિવ શરીરનાં દર્શને કનખલ ઊમટી પડ્યાં, શોક સંદેશાઓના પણ ઢગલા થયા.

દેશવિદેશના અધ્યાત્મ પથિકોને મન એક જ વાત હતી કે અધ્યાત્મ વિશ્વનું પરિબળ ભાંગી પડ્યું છે. સ્વામી ચિદાનંદજી મહારાજે પરદેશના પ્રવાસમાંથી તાર કરેલો કે ''વિશ્વના અધ્યાત્મ જગતનો આધારસ્તંભ તૂટી પડ્યો છે, આ ખોટ કદીયે પૂરી શકાશે નહીં!''

મહાન ગાયિકા શ્રીમતી એમ. એસ. સુબ્બુલક્ષ્મીએ તાર કર્યો:

''મા!મા!મા!''

તેમના પાર્થિવ દેહનાં દર્શનની વ્યવસ્થા સરકારે સંભાળી હતી, કે જેથી વ્યવસ્થિત રીતે વધુ લોકો તેમનાં દર્શન કરી શકે. રવિવારે ૩૦મી ઑગસ્ટે બપોરે દોઢ વાગ્યે તેમના પાર્થિવ દેહને કનખલ આશ્રમના પ્રાંગણમાં સ્થળસમાધિ આપવામાં આવી.

# ૬. 'માતૃસત્સંગ'

**પ્રશ્ન :** માતાજી! ભગવાનનું સ્વરૂપ કેવું હોય છે?

**મા :** જે જેવું ચાહે છે તેવું. બસ, બરાબર, તેવું જ સ્વરૂપ છે. જે જે જેવું ઇચ્છે છે તેવું જ તે પામે છે. અરૂપ પણ તે છે, રૂપમાં પણ તે છે. જે જેવા લક્ષ્યથી ભજે છે, તેવા જ લક્ષમાં એને તે મળે છે.

**પ્રશ્ન :** મા, આત્મદર્શન એટલે શું?

**મા :** રૂપમાં અને અરૂપમાં જેમ બરફ અને પાણી તેમ આત્મતત્ત્વનું જ સાકાર કે નિરાકાર એવું રૂપ છે. એક 'આત્મા' જ છે, બીજું શું છે?

**પ્રશ્ન :** આત્મદર્શન કઈ રીતે થાય?

**મા :** પોતપોતાના ગુરુ બતાવે તે રીતે.

**પ્રશ્ન :** ગુરુ કોને બનાવવો?

**મા :** ગુરુ તો ગુરુ જ છે, જેને જે ગુરુ મળવાનો હોય તે જ મળે છે. ગુરુ તો 'એ' જ છે, બસ 'એ' જ છે. ગુરુનેય અધિકાર તો હોય ને? જગદ્‌ગુરુ એ જ ગુરુ બની શકે છે. જે જગત એટલે કે ગતિમાંથી, એટલે કે દુનિયાનાં સુખદુ:ખમાંથી આપણને ઉઠાવી શકે તે જ ગુરુ, સ્વયં 'તે' જ છે એ માટે જ કહ્યું છે કે ગુરુને મનુષ્ય

તરીકે જોવો તે પાપ છે. શિવમાં પથ્થર બુદ્ધિ રાખવી તે ઠીક નથી. ગુરુને ભગવાન સ્વરૂપે જોવો એ જ ઉત્તમ છે.

**પ્રશ્ન :** ગુરુની આવશ્યકતા ખરી?

**મા :** ગુરુ બિન જ્ઞાન નહીં, બિના જ્ઞાન ભગવાન નહીં, બિના જ્ઞાન શાંતિ નહીં, બિના જ્ઞાન આનંદ નહીં. ગુરુ હી ગુરુ! જીવનમાં આવશ્યકતા! નારાયણ!

**પ્રશ્ન :** સાધન માર્ગે બરાબર પ્રગતિ થાય છે કે નહીં તે કઈ રીતે જાણવું?

**મા :** જેમ ભોજનથી પેટ ભરાય છે, તેમ જ. એ જ રીતે તમે વિચારો. તમારામાંથી વાસના, કામના કેટલી ઘટી? શરીરના ભોગવિલાસની વૃત્તિ કેટલી ઓછી થઈ? એના તરફ મન કેટલુંક વળ્યું? મન ક્યાં જાય છે? શું ચાહે છે? એ બધું વિચારો, ને ખબર પડશે કે તમે કેટલા આગળ વધ્યા છો કે કેટલા પાછળ પડ્યા છો.

**પ્રશ્ન :** મંદ સાધનાથી તીવ્ર સાધનામાં આવવાની ઈચ્છા છે. અને જો આકાંક્ષા જ છે તો બધું જ છોડવાથી એ મળશે કે સંસારમાં રહ્યા છતાં પણ એ મળશે?

**મા :** જે ઘરમાં આગ જ લાગે છે એ ઘરમાં તો રહેવાનું જ નથી. થોડી આગ લાગે તો ધીરે ધીરે સામાન કઢાય છે. જલદી આગ લાગે તો સામાન લેવાનુંય ભાન રાખ્યા વિના માણસ જાતે જ બહાર કૂદી પડે છે. એ માટે જ કહ્યું છે ને કે પોતાની જાતને જાણવી. આત્માને જ મેળવવો. આત્માને મેળવવાથી બધું જ મેળવી શકાય છે. થોડાંની ઈચ્છાથી થોડુંક જ મળશે, ને થોડાંથી તો કાંઈ વળતું જ નથી. થોડા માલની સંભાળ માટે

થોડી વાસના રાખવી પડે છે ને? જે પોતાને જ જાણી લે, તે જુઓ! બધું મેળવી લે છે. કેમ પિતાજી ખરું ને!

**પ્રશ્ન :** મા! કૃપા તો જરૂર થવી જોઈએ ને!

**મા :** ભગવાનની કૃપા તો સદા છે જ. એ તો વરસાદની માફક વરસ્યે જ જાય છે. જે થોડાની ઈચ્છા રાખે છે, એને થોડી મળે છે. જુદાં જુદાં બિન્દુઓ ચાહે એને અલગ અલગ બિન્દુઓ મળે. ચાહના-વાસના રાખવી એટલે 'રિટર્ન ટિકિટ' (આવાગમનનો પરવાનો) કઢાવી રાખવી. જેટલા મનુષ્યદેહો છે એટલા ભોગદેહો છે. કેટલું સુંદર! ભગવાનના રાજ્યમાં જેટલું ચાહો એટલું મળે! વાસનાના રાજ્યમાં આવું જ બને ને? એક વાસના હોય છે શુદ્ધ, બીજી હોય છે અશુદ્ધ. બધીયે વાસનાનું લક્ષ્ય તો હોય છે આનંદ. પહેલી જાતની વાસના(ભોગવાસના)થી જન્મેલા આનંદમાં પણ ભય વગેરે મળે છે. વળી એ આનંદ ક્ષણિક છે, જ્યારે બીજી જાતનો વાસનાજન્ય આનંદ તો પરમાનંદ છે. સાંસારિક પ્રાપ્તિ વગેરેથી (પૈસાથી) ભય પ્રાપ્ત થાય છે. ચોર વગેરેનો ભય રહે છે. અભય માત્ર ભગવાનમાં જ છે.

**પ્રશ્ન :** અમે લોકો સમજતા હોવા છતાં પણ કેમ ઊંધે રસ્તે જઈએ છીએ?

**મા :** જો આગ છે એમ ખરેખર જાણો તો એની પાસે નહીં જાઓ. વિચારો જાણ્યા પછી અમલમાં ન મૂકીએ તો તેનો કાંઈ અર્થ નથી. સાધનમાં ચાલતાં ચાલતાં ગ્રંથિભેદ થાય છે, એનો સાક્ષાત્કાર થાય છે. જેવી રીતે આગ પ્રત્યક્ષ લાગે છે. બહુ ખાઈ લીધા પછી પાછળથી અપચો થાય છે. ખ્યાલ રાખવો જોઈએ કે

એવું કર્યા પછી પસ્તાવો કરવા વખત ન આવે. જેને પ્રત્યક્ષ જ્ઞાન છે એ તો આમ ઊલટું નહીં જ કરે. પ્રત્યક્ષ જ્ઞાન થયું નથી હોતું એટલે જ આમ વિપરીત લાગે છે. એનાથી માણસ ડરતો હોય છે. સાધનામાં આગળ ને આગળ ધપવાથી તો ભોગ અને ત્યાગ દોસ્તો બની જાય છે. एक ब्रह्म द्वितीयोनाऽस्ति. એક એ જ છે. બીજું તો કશું છે જ નહીં. દુનિયા છે માટે દ્વિધાભાવ છે. ખરું તો એક જ છે. એક જ છે છતાં ભિન્ન ભિન્ન ઉપાસકો ભિન્ન ભિન્ન રૂપે પૂજે છે. જેવી રીતે શક્તિ ઉપાસકો એને 'મા' રૂપે પૂજે છે. બસ તન્મયતા જોઈએ... એક વાત સાંભળો.

એક સાધક. મા...મા કરતો હસે અને અહીંતહીં ભટકે... એક પતિપત્ની ત્યાંથી નીકળતાં આ તો હસતો રહ્યો; પતિને તેનો વર્તાવ સારો ન લાગ્યો, એટલે તેણે તેને માર માર્યો; લોહીલુહાણ કરી તેઓ તેને રસ્તે પડ્યા. થોડી વારે ત્યાંથી એક ભક્ત નીકળ્યો; તેણે સાધકને ઓળખ્યો. પૂછ્યું કે શું થયું? સાધકે કહ્યું, ''મને મારી માએ માર્યો'' પાછળથી પતિપત્નીએ આ વાત જાણી ત્યારે તેમને પસ્તાવો પણ થયેલો.

એ માટે કહ્યું છે જ્યાં જીવ ત્યાં શિવ. જ્યાં નારી ત્યાં ગૌરી. તત્સ્વરૂપ સમજીને જાણવું જોઈએ કે તે તે જ છે, તે જ છે. ભગવાન પોતે જ ભક્તરૂપે, પૂર્ણરૂપે, આત્મરૂપે, અંશરૂપે ખેલે છે. બધો ખેલ એ જ ખેલે છે.

**પ્રશ્ન :** જે સાચો રસ્તો હોય તે આપ બતાવી શકશો?

**મા :** બધામાં તદ્‌બુદ્ધિ રાખો. પ્રેમ રાખો. બધાંની તદ્‌બુદ્ધિથી સેવા કરો. બાળકોની બાળગોપાળ રૂપથી, સ્ત્રીની દેવીના ભાવથી સેવા કરવી તે ઉત્તમ છે. સારોય સંસાર પ્રભુનો

જ સર્જેલો છે. એનો જ છે. બરાબર છે ને? જ્યારે ખરો સમય આવશે ત્યારે તો કોઈ પૂછશેય નહીં, ખરી 'મૅનેજરી' એની જ છે ને? બધું એનું જ છે ને? હુંય એની જ છું ને? જે કરાવે છે તે જ કરું છું. એનું ધ્યાન ધરવાથી તે આપણને માર્ગ દેખાડતો જ રહે છે, આપણું કામ કરતો જ રહે છે.

**પ્રશ્ન :** કોઈ ગૃહસ્થ પોતાના કુટુંબનો બંદોબસ્ત કર્યા વિના સંન્યસ્ત લઈ શકે છે?

**મા :** પોતે આચરણ કરીને જ ધર્મ બતાવવો જોઈએ. ચૈતન્ય મહાપ્રભુએ માતા-પિતા, યુવાન સ્ત્રી, બધાંને છોડીને ભરયુવાનીએ સંન્યસ્ત લીધું હતું. ખ્યાલ રાખવો જોઈએ કે મારા જીવનનું મહા કર્તવ્ય પ્રભુપ્રાપ્તિ છે. એ માટે કોઈના પણ મનમાં જો એ જાતનો પ્રકાશ થઈ જાય, ને સંન્યસ્ત લઈ લે તો એને માટે કોઈ પાપ નથી. પાપને મનમાં લાવવું તે જ પાપ છે. સંન્યાસીને કોઈ પોતાનું નથી. કોઈ પરાયું નથી. કોઈના મૃત્યુનું સૂતક પણ લાગતું નથી. સંન્યાસી ભગવાં પહેરે છે કારણ, એણે પહેલેથી જ સાંસારિક વાસનાઓ જલાવી દીધી છે. ભગવો રંગ એ તો અગ્નિનું પ્રતીક છે.

**પ્રશ્ન :** શાસ્ત્રમાં તો એમ લખ્યું છે કે ઘરબારની વ્યવસ્થા કર્યા વગર સંન્યસ્ત લેવું તે પાપ છે.

**મા :** શાસ્ત્રમાં પણ કહ્યું છે ને કે જ્યારે તીવ્ર વૈરાગ્ય થાય છે ત્યારે બધું છોડી દેવાય છે. અને હું કહું છું ને કે કશું પાપ નથી લાગતું.

**પ્રશ્ન :** મા! લક્ષ જપ કરવાથી ભગવાન મળે?

**મા :** ગુરુ પાસે એક શિષ્ય ગયો ને પૂછ્યું, ''ગુરુજી! પ્રભુ કેવી રીતે મળશે?'' ગુરુ કહે, ''એક લાખ જપ કરો.'' શિષ્યે તો જપ

શરૂ કર્યા. આંખો બંધ કરીને ધ્યાન આદરે. જરાક ખખડાટ થાય કે એને લાગે કે ભગવાન આવ્યા! એ રીતે ધ્યાનમાં બેઠેલો, ને એક વાર ગરોળી આવી. કંઈક ખખડાટ થયો. સાધકને લાગ્યું કે ભગવાન આવ્યા! ભગવાન પાછા નાસી જાય એ પહેલાં એને જોઈ લઉં! એમ ધારીને એણે તો એકદમ આંખો ઉઘાડી. એ રીતે ધ્યાન દરમ્યાન એણે કેટલીયે વાર ધ્યાનભંગ કર્યો. પ્રભુ તો કાંઈ મળ્યા નહીં. એ તો ગુરુ પાસે આવ્યો અને કહ્યું, ''ગુરુજી, લક્ષ જપ તો કર્યા પણ ભગવાન તો ન મળ્યા.'' ગુરુ કહે, ''કેવી રીતે મળે? એકલક્ષથી કરવા જોઈએ.''

ગુરુની વાત ખોટી હોય? આ શરીર તો કહે છે કે એકનિષ્ઠ થઈને જપ કરો. અખંડભાવથી જપ કરો. ધ્યાન કરો તો શું અશક્ય છે? પણ કરવું જોઈએ. આખરે તો કરવાનો જ સવાલ છે. મશીન ઘસાતાં ઘસાતાં આગ ઉત્પન્ન થશે. આગ એટલે જ્યોતિ. જ્યોતિ સ્વરૂપ તો ભગવાન જ છે. જુઓને કેવો છે ભગવાન. આ બાળકીને પકડી પકડીને આ બધી વાતો કરાવે છે. હું તો કહું છું આ તો સ્નેહ છે.

**પ્રશ્ન :** મા! આપની વાણી તો ઉપનિષદ છે!

**મા :** આ તો ઘંટ છે. જેવો વગાડે તેવો વાગે. વગાડનાર જોઈએ. હું તો કાંઈ જાણતી નથી. જે જેવી રીતે વગાડશે એવો અવાજ એ સાંભળશે.

**પ્રશ્ન :** મા! આ બધું તો સાંભળ્યું, પણ અહીંથી ઊઠીને જઈશું એટલે બધુંય ચાલ્યું જશે. વીસરાઈ પણ જશે.

**મા :** એ માટે જ કહું છું ને કે અંદર-બહારથી એક થઈ જાઓ. જબરજસ્તીથી દવા ખાવી જોઈએ. ઇંજેક્ષનથી જ

આરામ થશે.

**પ્રશ્ન :** પણ મા! જબરજસ્તીથી આપનાર કોઈ નથી!

**મા :** (ખડખડાટ હસીને) એક વાત યાદ આવી. કહું! એક શેઠ હતા. ખૂબ પૈસાદાર. એને દ્વારે એક જોગી આવી ચઢ્યો. એને જોઈ શેઠે નોકરને કહ્યું, ''અરે મગનિયા, કાઢ આને. નાખ એક પૈસો, એટલે રસ્તે પડે.'' જોગી કહે, ''શેઠ! પૈસાબૈસા તો કુછ નહીં ચાહતા હૂં. બસ! એક દફે રાધેગોવિંદ બોલો.'' શેઠ કહે, ''અરે, ભાગ જાવ યહાંસે.'' જોગીને તો ભાઈ ભગાડી દીધો. જોગીએ પણ મનમાં વિચાર કરી લીધો કે શેઠને શિક્ષણ તો આપવું જ જોઈએ. સાંજે શેઠ ફરવા ગયા. બરાબર એ મોકો મેળવીને શેઠનું રૂપ લઈને શેઠના ઘરમાં આવ્યા. પત્ની કહે, ''કેમ, આજ વહેલા?'' શેઠ કહે, ''અરે! અરે! આજ તો ગામમાં એક બહુરૂપી આવ્યો છે. તે જેનું તેનું રૂપ લઈને જેના તેના ઘરમાં પેસી જાય છે ને લૂંટફાટ કરે છે! મને ડર લાગ્યો તેથી જેવી વાત સાંભળી કે તરત જ પાછો આવતો રહ્યો.'' થોડી વાર થઈ ત્યાં તો પેલા લાલજી ફરીને આવ્યા. પત્નીએ એમને જોયા ને બૂમ પાડી, ''અરે! કોઈ છે કે? દોડજો. બહુરૂપી આવ્યો. કાઢો બહાર, મારો.'' દરવાન દોડી આવ્યો, નોકરો આવ્યા, પુત્રો આવ્યા. બધાંએ ભેગાં થઈને લાલજીને તો સારી પેઠે સાલમપાક જમાડ્યો. બિચારાને અધમૂઆ કરીને હાંકી કાઢ્યા. એ તો એવી જ લોહીલુહાણ દશામાં ગયા પોલીસ થાણે. જમાદારને જઈને બધી વાત કરી. મારા ઘરમાં મારું રૂપ લઈને કોઈ હરામખોર પેસી ગયો છે, ને નીકળતો નથી. જમાનદારે લાલજીને ઘેર જઈને તપાસ કરી, તો બરાબર એવો જ બીજો

શેઠ જોયો! સાચું કોણ? એણે તો માંડી ફરિયાદ. કોર્ટમાં કેસ ચાલ્યો. બે વ્યક્તિઓ સામસામી પાંજરામાં ઊભી રહી. જજ પણ વિચારમાં પડ્યો કે સાચું કોણ? પરીક્ષા કેવી રીતે કરવી? આખરે વિચાર કરીને લાલાને પૂછ્યું, ''બોલો, તમારા પહેલા દીકરાનું લગ્ન ક્યારે થયેલું? એમાં કેટલું ખર્ચ થયેલું?'' લાલજી થોથરાતાં થોથરાતાં બોલ્યા, ''સાહેબ, મને તો કશી ખબર નથી. મુનીમ બધું જાણે છે'' પછી બહુરૂપીનો વારો આવ્યો. એ કહે, ''સાહેબ, ફલાણી આલમારીના ફલાણા ખાનામાં ઉપર જ એક ચોપડો પડ્યો છે, એના અમુક પાના ઉપર એનો હિસાબ છે. લગ્નમાં કુલ ખર્ચ વીસ હજાર રૂપિયા, આટલા આના, આટલી પાઈ થયેલું.'' બહુરૂપીજી તો સાચા ઠર્યા, ને લાલજીને કાઢી મૂક્યા! બિચારાને આશરોય કોણ આપે? ભૂખ્યાતરસ્યા નદીકાંઠે પડ્યા રહીને દિવસો ગુજારવા લાગ્યા. આખરે એક દિવસ સાંજે પેલો જોગી એમની પાસે ગયો. જઈને કહે, ''કેમ! શેઠ! અબ તો રાધેગોવિંદ બોલોગે ના!'' શેઠ એકદમ જોગીને ઓળખી ગયા, પગે પડ્યા, માફી માગી. જોગી કહે, ''જાઓ, તમે તમારા ઘેર પાછા જાઓ. આ માર પડ્યો છે એના ઘા થોડા દિવસ છુપાવજો. નહીં તો ઘેર પાછા ઓળખાઈ જશો તો હેરાન થવું પડશે.' શેઠની આંખો ખૂલી ગઈ! ઘેર જઈ મિલકતની યથાયોગ્ય વ્યવસ્થા કરી પ્રભુમય જીવન તરફ વળ્યા.

ભગવાનની બે પ્રકારની કૃપા હોય છે. એક છે નિગ્રહ કૃપા, બીજી છે અનુગ્રહ કૃપા. નિગ્રહ કૃપા એટલે ડંડા મારી કૃપા કરવી તે. કોઈ કોઈ વાર અનુગ્રહ કૃપા કરે છે. નિગ્રહ કૃપા એટલે કડવી દવા. અનુગ્રહ કૃપા એટલે મીઠો સીરપ પીવડાવે તે.

**પ્રશ્ન :** સંશય શા માટે રહે છે?

**મા :** સંગથી સંશય જાગે છે. તમે જે અવસ્થામાં રહો છો એમાંથી સંશય જાગે છે. આગની પાસે રહો ને ગરમી ન લાગે એવું બને? કોઈ કોઈ કામ કરવાથી પણ સંશય વધે છે. કોઈ કોઈ કામથી ઘટે છે. ''બસ, હરિકથા હી કથા; ઔર સબ વ્યથા હી વ્યથા!!'' હરિને મેળવવાથી જ સંશય મટે છે.

## ૭. માતૃવાણી

ભક્તિશ્રદ્ધાથી નામજપ કરે તો હૃદય દ્રવે. માટે નિયમાનુસાર જપ વગેરે કરતાં રહો. વખતસર ભોજન લેવામાં આવે છે તેમ પ્રાર્થના પણ નિયમિત થવી જોઈએ અને હરતાંફરતાં જેમ ફળ, સોપારી, ચવાણું, લવિંગ વગેરે ખાતા રહો છો તેમ ઈશ્વરનું નામ લેતા રહેવું.

*

મનુષ્ય કોઈ વસ્તુ કે વ્યક્તિ તરફ ખેંચાય છે ત્યારે એને પોતાનું કંઈ છોડવું પડે છે. નિયમ આ છે – જેટલું છોડશો એટલું મેળવશો. કશાનો ત્યાગ કર્યા વિના બધું મેળવવું હોય તો તે કદી નહીં બને.

*

ઈશ્વરભાવમાં પ્રાણ – મન જેટલું ચોંટશે તેટલા પ્રમાણમાં વાસનાઓનો ક્ષય થતો જશે. જતે દિવસે મન ઈશ્વરભાવમાં લીન થઈ જશે.

*

''ભગવાનને મળવું છે?''

એમ તો ઘણા માણસો હા ભણે પરંતુ મન અને પ્રાણથી એક એની જ ઝંખના કરો તો એ જરૂર મળશે.

એ અભિલાષા કેવી હોય છે? નાવ ડૂબવા માંડે ત્યારે અંદર બેઠેલા માણસો કિનારે પહોંચવા કેવા તલસે છે! સંતાન ખોવાઈ ગયું હોય અને એને પાછું મેળવવા મા કેવી આતુર હોય! એવા ભાવથી તમે ભગવાનને મળવા જાઓ તો એ જરૂર મળશે.

જોજો, અમંગળનું સર્જન તમે જાતે જ કરશો નહીં! અશુભ વિચારોને મનમાં આશ્રય આપશો નહીં. નહીં તો એની જ શૃંખલાઓ તમને બાંધી લેશે.

યાદ રાખો, શુદ્ધ ભાવ હશે તો સાધના સહેલી થશે, એટલે પહેલાં જાતને તૈયાર કરો.

પોતે સુંદર થઈને ચિરસુંદરને બોલાવો અને સુંદર હૃદયાસન ઉપર એમની પ્રતિષ્ઠા કરો.

પછી બધું જ સુંદર લાગશે.

*

કીર્તન વખતે મૃદંગના તાલે ઘણા લોકો ગાય છે, નાચે છે છતાં એમને વાદ્યની ખબર રહેતી નથી. આ જગતના મૃદંગને વગાડનારો એક જ જણ છે. પરંતુ એનું ભાન કેટલાને રહે છે! એણે દીધેલા આનંદમાં દિવસો અને વર્ષો વીતી જાય છે, પરંતુ એને ઓળખવા કોણ ચાહે છે!

*

જેણે હિમાલય જોયો નથી તે માનશે કે હિમાલય એક પર્વત છે. પરંતુ એની સમીપ જઈને જોશે તો સેંકડો પહાડો, લાખોનાં

લાખો વૃક્ષો, નદીઓ, ઝરણાં, જીવજંતુઓ વગેરે લઈને કેટલાયે માઈલોમાં હિમાલય વ્યાપ્યો છે.

સાધનાના રાજ્યમાં પણ આવું છે. જે નજીક જઈને અંદર પ્રવેશ કરશે તે સમજી જશે કે એક જ છે તે બહુરૂપ દેખાય છે અને જે બહુરૂપે દેખાય છે તેમાં રહેલું તત્ત્વ એક જ છે. એકમાંથી બધાંનો અવિર્ભાવ થયો છે અને બધું એકમાં જ લય પામશે. એવી એકની પૂર્ણતા છે!

આ એક જ સર્વ છે અને સર્વ તે એક છે. એમાં ધ્યાન કેન્દ્રિત કરો.

*

તમે શરીરને હલકું રાખો તો મન પણ હલકું રહેશે. આવરણ કે આભરણ વધારશો તો તેને છોડતી વખતે દુઃખ લાગશે.

*

જેવી રીતે ઘડિયાળને રોજ ચાવી આપવી જરૂરી છે, તેવી રીતે ભગવદ્ભાવની ચાવી ફેરવતા રહેવાથી ચિત્તશુદ્ધિમાં 'સહાય' કરે છે.

*

બીજાના દોષો ન જોયા કરો.

આથી આંખ અને મન બંને મલિન બને છે, પાપનો બોજો વધે છે. અંદરબહાર તમારા ભાવ સરળ હશે, તો મન પ્રફુલ્લ રહેશે અને વિચાર કે બુદ્ધિ શુદ્ધ થશે. પછી બધે જ સારું દેખાશે, કોઈ જગ્યાએ ખરાબ દેખી શકશો નહીં.

પૂર્ણ તો એક ભગવાન છે.

*

બીજાના ગુણો દેખતાં દેખતાં તે બધા તમારામાં આવી જશે.

બીજાના ગુણ ગ્રહણ કરવાથી જે તૃપ્તિ મળે છે, તેટલી તૃપ્તિ પોતાના ગુણો જોઈને મળતી નથી. એમાંથી તો અહંકારની વૃદ્ધિ થાય છે અને એમાંથી જ બીજાના દોષો અને દુર્બળતા ઉપર દષ્ટિ જાય છે.

પોતાની આંખની કીકીમાં પોતાની છાયા દેખી શકાતી નથી. તેથી પોતાની નિંદા આગ્રહપૂર્વક સાંભળવી જોઈએ. એમાં આત્મનિરીક્ષણની સુવિધા રહેલી છે. પ્રશંસા સાંભળવાથી એવું થતું નથી.

નિંદાથી ડરશો નહીં, પ્રશંસાથી રીઝશો નહીં. ધર્મ જીવનમાં નિંદા-સ્તુતિ બંને ઉપર ઉદાસીન બન્યા સિવાય આંતરિક સ્થિરતા આવતી નથી.

*

પતંગ ઉડાવીને બાળક દોર હાથમાં રાખે છે, પવન આપમેળે તેને ઉપર ચડાવે છે. તમે પણ ભગવાનનો દોર હાથમાં રાખશો તો જીવનનો પતંગ એ જ ઉપર ચડાવશે.

એમનું એક નામ ચિંતામણિ છે. સર્વ કામનાઓને એ પૂર્ણ કરે છે.

*

તમે સરળ થશો તો સુખી થશો અને અન્ય લોકો પણ તમારી પાસે આવવાથી સુખ પામશે.

*

ઘણા લોકો કહે છે: ''હરિકીર્તનના ધમપછાડા અમને સારા લાગતા નથી. તેના કરતાં ચાલો, એકાંતમાં એનું ધ્યાન કરીએ.''

પરંતુ મનને પૂછી જુઓ: ''ધ્યાન કરતાં તું સંસારમાં રખડે છે કે ભગવાનમાં રહે છે?''

કીર્તનના બોલ, કરતાલ કે તાલ કે રાગ તરફ લક્ષ ન રાખશો. સામાન્ય લોકો માટે સ્થૂળ સંગની ઘણી જરૂર છે. નામનું રટણ કરતાં કરતાં ભાવ ઊપજે છે. પછી કીર્તનના ભાવ સમજાય છે. પછી જપ-ધારણા વગેરે સરળ બને છે. માટે હરિકીર્તનમાં જવું જોઈએ, સદા સગાંસંબંધીઓને સાથે રાખીને હરિકીર્તન કરતા રહો. એ વખતે એક એનામાં ધ્યાન પરોવજો, ને નહીં તો એ માત્ર વાદ્યોત્સવ બની જશે.

*

હંમેશાં કંઈ ને કંઈ ધર્મચિંતન કરતા રહેશો, તો સમય ઉપર ઈશ્વરપ્રાપ્તિ માટેનો પ્રબળ આગ્રહ હૃદયમાં ઉત્પન્ન થશે. આ તદ્દન નક્કર સત્ય છે.

*

સરળ શુદ્ધ ભાવથી કરેલો સતત અભ્યાસ તે આત્મજ્ઞાનનું પ્રથમ પગથિયું છે.

*

શરીરની કિંમત છે અને નથી. નદીની આ પાર રહ્યા હો ત્યાં લગી નૌકાની માયા રહે છે. એક વાર સામે પાર ઊતરી જાઓ પછી નૌકા યાદ પણ રહેતી નથી. શરીરની સાર્થકતા પણ એવી છે. મમત્વનો લોપ થઈ જશે ત્યારે શરીર કે જગત બધું પડદાની પાછળ ચાલ્યું જશે.

*

એકાંત સેવ્યા વગર શ્રીકાંતનાં દર્શન થતાં નથી. પરમ પુરુષની

સાધના માટે હિમાલય ખૂબ અનુકૂળ જગ્યા છે. એની ગોદમાં અનંતનું ચિંતન સહજ બને છે.

ભાવ વડે જેમને આગળ વધવું હોય, તેમને માટે સમુદ્રતીર ખૂબ ઉપયોગી છે. એના તરંગે તરંગે ભાવના હિલ્લોળી ઊઠશે.

જેને સાધનપંથના પથિક થવું હોય, તેમને માટે નિર્જન રમણીય સ્થાન જરૂરી છે.

સામાન્ય ગૃહસ્થાશ્રમી માટે ઘરના ખૂણામાં નક્કી કરેલી જગ્યા આવશ્યક છે.

અને જેણે ભગવત્ પ્રેમમાં સર્વને ત્યજ્યાં છે અને જે સર્વમાં ભગવાનને જોઈ શકે છે, તેને માટે સ્થાનની કોઈ કમી નથી. મનને નિયમમાં લાવીને બધી અવસ્થાની ઉપર ઊઠવા યત્ન કરો, તો જણાશે કે, સ્થાન-અસ્થાનનું દ્વંદ્વ ચાલ્યું ગયું છે.

*

શહેરોમાં દિવસ-રાત પાણીની જરૂર હોય તો નળ પણ દિવસ-રાત ચલાવવો પડે છે, એમ હૃદયને ભગવત્‌રસથી પૂર્ણ રાખવું હોય તો અવિરામ એનું સ્મરણ રાખવું જોઈશે. મનમાં ઈશ્વરનું ચિંતન સતત હોવું જોઈએ. એટલા માટે કીર્તન, પૂજા, યજ્ઞ, પાઠ, તીર્થ, સાધુસંગ એવાં અનેક સાધનો રાખ્યાં છે. એનો અભ્યાસ વધશે ત્યારે ચાવીવાળા પૂતળાના હાથપગ ફરે છે તેવી રીતે માણસનાં બધાં કર્મો આપમેળે સહજ ભાવે થતાં રહેશે.

અગ્નિ ઉપર મૂકેલા વાસણનું પાણી ગરમ થશે એટલે એમાં શક્તિ આવવાની જ, પછી એ ઢાંકણું ખોલીને બહાર નીકળવા ધસી જશે. એમ નામજપ વગેરે પણ પ્રાણની અંદર શક્તિ પેદા કરે છે. એનું નામ ભાવ. ભાવ હૃદયમાં જાગે છે, પરંતુ એનો

પ્રકાશ બહાર થાય છે. ભાવ પહેલાં ક્ષણિક હોય; પરંતુ ભજન વગેરે દ્વારા પુષ્ટ બને છે; કેમ કે હૃદયમાં મહાભાવ વિરાજમાન છે. સુયોગ મળતાં જ મહાભાવ પોતાનું કામ કરવા માંડે છે.

ભાવ વિનાનું ભજન વિલાયતી ફૂલ જેવું ગણાય; દેખાવમાં સુંદર, પરંતુ એમાં સુગંધ નથી. કીર્તનમાં પણ ભીડ સારી હોય અને ધામધૂમ ઘણી હોય, પરંતુ ભાવ ના હોય તો દેવતાઓનો આભાસ નહીં થઈ શકે. દેવતા તો ભાવવાહી છે.

## ૮. પ્રસાદ

કથાની પૂર્ણાહુતિમાં પ્રસાદ મળવો જ જોઈએ. માનો કૃપાપ્રસાદ સમગ્ર ભારતભરમાં વહેંચાયો છે. અનેક સ્થળોએ શ્રીમાએ યાત્રા કરી હતી. તેઓશ્રીનું આગમન થવાનું છે એના સમાચાર જોતજોતામાં ફેલાઈ જતા, અને નિમંત્રણની રાહ જોયા વિના લોકો શ્રીમાનાં દર્શને જઈ પહોંચતા અને જ્યારે દર્શન પછી પાછા વળતા ત્યારે એમના અંતરદીપકની સંકોચાયેલી વાટને સંકોરીને, શ્રદ્ધાભક્તિનું તેલ જાણે પુરાયું હોય તેવો અનુભવ લઈને જતા. કોઈ નવો શુભ સંકલ્પ કરતા, કોઈ ક્ષમાયાચના કરતા અને કોઈ માત્ર નમન નમીને પાછા વળતા ત્યારે એમનાં હૈયાં ખીલી જતાં. માનો પ્રસાદ પામીને સૌ કૃતાર્થ બનતા.

'શ્રીમા'ની કથાનો વિસ્તાર મોટો છે. એમના ઉપદેશોનું અમી પણ અખૂટ છે. એનો પ્રવાહ વહેતો રહ્યો છે. નથી આડંબર, નથી પ્રચાર. કોઈ રોકટોક નથી. સામાન્ય લોકો તો 'શ્રીમા'નાં દર્શને આવતા જ પરંતુ એમના નિવાસસ્થાન કે

મુકામ આગળ માઈલો લાંબી મોટરોની કતાર લાગતી. એમાં કોને યાદ કરવા અને કોને નહીં?

એમ ક્યાં અંત આવે? શ્રીમાના દરબારમાં આવ્યા-ગયાની નહીં, 'હરિ બોલ'ની મસ્તીની વિસાત છે. એમની આસપાસ આનંદનાં મોજાં લહેરાતાં અને તેમાં તરબોળ થવાને જ સૌ આવતાં.

આ નાના સંકલનમાં શ્રીમાના' જીવનની વાતો અત્યંત સંક્ષિપ્તમાં જ કરેલી છે. કૃષ્ણના દેહોત્સર્ગના સ્થાન પ્રભાસમાં શ્રીમા પહોંચ્યાં ત્યારે એમણે મૃત્યુનો અનુભવ કરી લીધેલો. પોંડિચેરીમાં ગયાં ત્યારે તો ત્યાં શ્રી માતાજી સાથેનું તેમનું મિલન જાણે ગંગા-યમુનાનો સંગમ! રામેશ્વર સેતુબંધમાં સાગરસ્નાન કર્યું ત્યારે સૂક્ષ્મ દેહી મહાપુરુષો એમની સમીપ આવ્યા અને દ્વારકામાં એમની સાથે મહા મિલન થયું. વૃંદાવનમાં શ્રી વિજય ગોસ્વામી સાથે પણ એવું જ મિલન થયું. એવા અનેક પ્રસંગો છે, કાશીમાં, તાંજોરમાં, પોરબંદરમાં, કુંભકોણમમાં, એમ ઠેર ઠેર કંઈક અવનવું થતું રહ્યું છે, એની નોંધો પ્રગટ થઈ છે. માની વિચારણા, એમના ઉપદેશો અને એમનો પ્રસાદ સતત છે.

ભારતભરના વર્તમાન સાધુપુરુષોને મળવાનું એ ચૂક્યાં નથી. એમનું સન્માન કરીને એ પોતાનું બહુમાન થયું હોય એવો હર્ષ પ્રગટ કરે છે. એમણે ભાગવત સપ્તાહો માંડી, દુર્ગાપૂજા અને સરસ્વતી પૂજા કે અન્નપૂર્ણા પૂજા અથવા વાસંતી પૂજાઓ યોજી. કુંભમેળામાં જઈ ભક્તોની સગવડ માટે સારો પ્રબંધ કરાવ્યો. કોઈ જગ્યાએ વૃક્ષારોપણ કર્યું તો કોઈ જગ્યાએ પ્રતિષ્ઠા

વિધિઓ કર્યા. ના ધાર્યું હોય ત્યાં એ જઈ ચડતાં અને ન માગી હોય તેના ઉપર કૃપા વરસાવતાં. ડૉ. રાધાકૃષ્ણ એક ઇસ્પિતાલમાં બીમાર હતા અને કોઈને મળવાની રજા નહોતી, છતાં શ્રીમા ત્યાં પહોંચી ગયાં અને તેમના મસ્તકે વરદ હસ્ત થાપીને આવતાં રહ્યાં. આવા તો અનેક પ્રસંગો છે.

એક વાર શ્રીમા ગાંધીજીની પ્રાર્થના સભામાં ગયાં. સાથે વૃંદાવનના બેત્રણ મહાત્માઓ પણ હતા. સૌને માટે પ્રાર્થનામંચ ઉપર સ્થાન થયું. પાછા વળતાં ગાંધીજીએ કહ્યું: ''કોઈ એક જગ્યાએ નથી રહેતાં, ના?'' મા કહે: ''હું તો એક જ સ્થાન પર છું, આ આખો એક જ બાગ છે, એમાં ફરતી ઘૂમતી રહું છું.'' અટ્ટહાસ્ય કરીને ગાંધીજીએ વાતનું સમર્થન કર્યું. મા કહેતાં કે ''હું એમની સમીપ જ રહું છું.' સેવાગ્રામમાં પણ એ ગયેલાં અને સભામાં પણ બેઠેલાં ત્યારે નિકટના એક સાથીએ પૂછ્યું: ''મા તમને આવી સભામાં જતાં સંકોચ ન થયો?' મા કહે: ''મને વળી સંકોચ શાનો થાય!'' જવાહરલાલ માને મળવા આવતા અને પ્રસન્ન થઈને વિદાય લેતા. શંકરાચાર્ય સાથે એમની મુલાકાત થતી અને શ્રી અરવિંદ સાથે પણ સૂક્ષ્મ દર્શન થયું હતું.

શ્રીમા ઉત્તરકાશી અને તેથી આગળ જઈને ગંગોત્રી તથા શ્રી બદરીનાથ વગેરે પણ ગયેલાં. તેમણે ત્રિવેણીમાં પણ સ્નાન કરેલું. સાવિત્રી યજ્ઞો કર્યાં. પુરીના મહાસાગરમાં નાહ્યાં અને મથુરા વૃંદાવનમાં સત્સંગ કીર્તન કર્યાં. નર્મદાનાં ચાણોદ કરનાળીમાં પણ મા પધારેલાં. હિંદવાસીઓના હૃદયમાં આજે જે તીર્થ, જે અનુષ્ઠાન, જે મહાત્મા આદરપૂર્વક વસ્યા છે એમની સન્મુખ મા પ્રગટ થયેલાં અને ત્યારે એ તીર્થો,

અનુષ્ઠાનો, ને પુરુષો શ્રીમાના આગમનથી, સ્પર્શથી, વાણીથી, સામીપ્યથી ને પ્રતિષ્ઠાથી પ્રભાવિત બનેલ છે. કહે છે કે, ભારતીય સાત્ત્વિકતા શ્રીમાના પવિત્ર રૂપમાં સર્વત્ર વિચરી રહી છે; ધર્મની અભિવૃદ્ધિ કરી રહી છે. આ દેશમાં જે શુભ અને પાવનકારી છે તેનું તેજ શ્રીમાએ વધાર્યું છે.

પિતા રક્ષા કરે, માતા હેત કરે. ઈશ્વરને આપણે બંને રૂપે પૂજ્યા છે. પરમેશ્વરને અનાદિ માન્યા છે અને એમની યોગમાયા પ્રકૃતિને પણ અનાદિ માની છે. બંનેની ભક્તિ તો એક જ છે પણ ભાવ જુદા છે. મા આનંદમયી જેને જેને મળતાં તેને કદીયે તેમણે ઉપદેશના ભારથી ગૂંગળાવી દીધા નથી કે નથી મુશ્કેલીઓ ચીંધી ગભરાવ્યા; વ્યંગ કે રોષ તો તેઓ કરે જ શેનાં? ભક્તજનોની વચ્ચે એ સદા આનંદ ફેલાવતાં. ધરતી ઉપર પડેલાં ફૂલને ઉઠાવીને હળવેથી કોઈ ઊંચા સ્થાને મૂકી દે એવું ભક્તોને હંમેશાં લાગતું. ભક્તોને હંમેશાં એક સ્પષ્ટ અનુભવ થતો કે શ્રીમદ્ ભગવદ્ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે ઉચ્ચારેલી વાણી શ્રી શ્રીમા સાર્થક કરી રહ્યાં છે. तेषामहं समुद्धर्ता मृत्युसंसारसागरात् (ગીતા. અ. ૧૨-શ્લોક. ૭)

એ ભક્તોનાં મા તો હતાં જ, પરંતુ વિશેષત: એ ભારતીય પરંપરાની જનની હતાં. આર્યસંસ્કૃતિનાં હજાર હજાર વર્ષોનું શુભ શ્રી શ્રીમા આનંદમયી માની અંદર એકત્ર થયેલું નીરખીને અનેક હિંદવાસીઓની સર્વતોમુખી ધર્મશ્રદ્ધા દૃઢ બની છે, એ જ છે સમગ્ર રાષ્ટ્રને અને રાષ્ટ્રની આવતી પેઢીઓને માટે શ્રી શ્રીમાનો શ્રેષ્ઠ પ્રસાદ.

---

## સંતવાણી ગ્રંથાવલી - ૨૦૦૬

| | | કિંમત |
|---|---|---|
| ૧. | જગદ્‌ગુરુ શ્રી આદિ શંકરાચાર્ય | ૧૨-૦૦ |
| ૨. | શ્રીરામકૃષ્ણ પરમહંસ | ૯-૦૦ |
| ૩. | સ્વામી વિવેકાનંદ | ૯-૦૦ |
| ૪. | શ્રી શ્રીમા આનંદમયી મા | ૯-૦૦ |
| ૫. | ભગવાન મહાવીર | ૧૨-૦૦ |
| ૬. | મહાત્મા ગાંધીજી | ૧૬-૦૦ |
| ૭. | ઈશુ ખ્રિસ્ત | ૧૬-૦૦ |
| ૮. | મહર્ષિ વિનોબા ભાવે | ૧૮-૦૦ |
| ૯. | હજરત મહંમદ પયગંબર | ૯-૦૦ |
| ૧૦. | ભગવાન ગૌતમ બુદ્ધ | ૯-૦૦ |
| ૧૧. | સ્વામી સહજાનંદ | ૧૦-૦૦ |
| ૧૨. | અશો જરથુષ્ટ્ર | ૯-૦૦ |
| ૧૩. | ગુરુ નાનકદેવ | ૧૦-૦૦ |
| ૧૪. | સંત કબીર | ૧૦-૦૦ |
| ૧૫. | મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય | ૧૦-૦૦ |
| ૧૬. | શ્રી સ્વામી રામદાસ (કનહનગઢ-કેરાલા) | ૧૦-૦૦ |
| ૧૭. | મહર્ષિ દયાનંદ | ૯-૦૦ |
| ૧૮. | શ્રીમદ્ રાજચંદ્ર | ૧૦-૦૦ |
| ૧૯. | સાધુ વાસવાણી | ૧૦-૦૦ |
| ૨૦. | પૂજ્ય શ્રીમોટા | ૯-૦૦ |
| ૨૧. | શ્રી રમણ મહર્ષિ | ૧૦-૦૦ |
| ૨૨. | મહર્ષિ અરવિંદ | ૧૨-૦૦ |
| ૨૩. | શ્રી રણછોડદાસજી મહારાજ | ૧૦-૦૦ |
| ૨૪. | શ્રી રંગ અવધૂત | ૧૦-૦૦ |
| ૨૫. | શ્રી પુનિત મહારાજ | ૯-૦૦ |
| ૨૬. | સ્વામી મુક્તાનંદ | ૯-૦૦ |
| ૨૭. | સ્વામી શિવાનંદ સરસ્વતી (હૃષીકેશ) | ૧૨-૦૦ |
| ૨૮. | સ્વામી ચિદાનંદ સરસ્વતી | ૧૨-૦૦ |
| | | ૩૦૦-૦૦ |

**આ ગ્રંથાવલિનાં ૨૮ પુસ્તકોની કિંમત રૂ.૩૦૦ થાય છે. ગ્રંથાવલિનો સંપુટ ખરીદનારને તે રૂ.૨૦૦ના રાહત દરે આપવામાં આવશે.**

રૂ.૨૦૦ (સેટની)

ISBN 81-7229-237-6 (set)